RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 155* Date: 26.03.2023, Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# હું જેલમાં જતા ડરતો નથી, મોદીના અદાણી સાથે શું સંબંધ છે ? : રાહુલ ગાંધી

## એવું હું આજે પણ પૂછીશ, મારો અવાજ દબાવી નહીં શકો,હું દેશ માટે લડતો રહીશઃ



નવીદિલ્હી,તા.૨૫

સંસદની સદસ્યતા રદ થયા બાદ રાહુલ ગાંધીએ પાર્ટી હેડ ક્વાર્ટરમાં મીડિયા સાથે વાત કરતાં કહ્યું હતું કે ભારતમાં લોકશાહી પર હુમલો થઈ રહ્યો છે. રાહુલે કહ્યું- મંત્રીઓએ ખોટા આરોપો લગાવ્યા. જ્યારે સ્પીકરને પૂછવામાં આવ્યું તો તેમણે પણ હસીને કહ્યું - હું કંઈ કરી શકતો નથી.

રાહુલ ગાંધીએ પ્રેસ-કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે મેં સંસદમાં સવાલ કર્યો હતો કે અદાણીની શેલ કંપનીમાં ૨૦ હજાર કરોડનું કોઈએ રોકાણ કર્યું છે. આ રૂપિયા કોના છે. રાહુલે વધુમાં કહ્યું હતું કે મેં સંસદમાં કહ્યું હતું કે પીએમ મોદી અને અદાણી વચ્ચે શું સંબંધો છે. મીડિયા રિપોર્ટ્સને ટાંકીને મેં તેમને પુરાવા પણ આપ્યા હતા.

રાહુલે વધુમાં કહ્યું હતું કે સવાલ એ છે કે આ ૨૦ હજાર કરોડ રૂપિયા કોના છે? મેં સંસદમાં મીડિયા રિપોર્ટમાંથી મેળવેલા પુરાવા પણ આપ્યા હતા. અદાણીજી અને મોદીજીના સંબંધ બાબતે કહ્યું હતું. આ સંબંધો નવા નથી, ઘણા જૂના છે. જ્યારે નરેન્દ્ર મોદીજી ગુજરાતમા મુખ્યમંત્રી બન્યા હતા ત્યારથી સંબંધો છે. મેં તેમનો વિમાનમાં પ્રવાસનો ફોટો પણ બતાવ્યો હતો. નરેન્દ્ર મોદીજી પોતાના મિત્રની સાથે આરામથી બેઠેલા હતા. મેં એ ફોટો સંસદમાં પણ બતાવ્યો હતો.

રાહુલં કહ્યું હતું કે મેં સંસદમાં અદાણીકૌભાંડ મામલે પત્ર લખ્યો હતો, પરંતુ કશું જ કરવામાં આવ્યું નહીં. કેટલાક નેતાઓએ મને કહ્યું કે મેં વિદેશી તાકાતોની મદદ લીધી છે, એવું કશું જ નથી. મેં અનેક વખત પત્ર લખ્યો, પણ કોઈ જ જવાબ આપવામાં આવ્યો નહીં. મેં અધ્યક્ષને પણ જણાવ્યું હતું કે મને બોલવા દેવામાં આવતો નથી. આ બાબતે અધ્યક્ષે પણ એવું કહ્યું કે હું કશું જ કરી શકીશ નહીં. તેમણે વધુમાં કહ્યું હતું કે હું જેલમાં જવાથી પણ ડરતો નથી. હું આગળ પણ મોદીજીને પૂછતો રહીશ કે ૨૦ હજાર કરોડ રૂપિયા કોના છે.

કોંગ્રેસનેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તેઓ મને કાયમ માટે ગેરલાયક ઠેરવે તોપણ હું મારું કામ કરતો રહીશ. હું સંસદની અંદર હોઉં કે ન હોઉં એનાથી મને કોઈ ફરક પડતો નથી. હું દેશ માટે લડતો રહીશ. કોંગ્રેસનેતા રાહુલ ગાંધીનું સંસદસભ્યપદ રદ કરવાના વિરોધમાં દેશભરમાં દેખાવો થઈ રહ્યા છે. આ બાબતે તેમણે કહ્યું- મને સમર્થન કરવા માટે હું વિપક્ષની તમામ પાર્ટીઓનો આભાર માનું છું, અમે બધા સાથે મળીને કામ કરીશું. માફીના પ્રશ્ન પર તેમણે કહ્યું- મારું નામ સાવરકર નથી, મારું નામ ગાંધી છે. ગાંધી ક્યારેય માફી નથી માગતા.રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી પર સાધ્યુ નિશાન અદાણીજીની શેલ કંપનીઓમાં કોણે નાણાં રોક્યા. અદાણીના ઉદ્યોગમાં ૨૦ હજાર કરોડ કોના છે, મેં સંસદમાં પુરાવા આપીને રજૂઆત કરી છે, મેં સ્પીકરને વિગતવાર ચિઠ્ઠી લખી હતી. અદાણીને નિયમો તોડી એરપોર્ટ અપાયાની વિગતો આપી. તેમ છતાં કોઈ પગલાં ન લેવાયા.મારા વિશે સંસદમાં નેતાઓ ખોટું બોલ્યા, મેં વિદેશમાં કોઈ ખોટી વાત કરી જ નથી, મેં સંસદમાં આ અંગે નિવેદન કરવાની ચિઠ્ઠી લખી, બે ચિઠ્ઠીનો જવાબ ન મળતા હું સ્પીકરની ચેમ્બરમાં ગયો, મેં સંસદમાં બોલવાની અનુમતિ માગી.વડાપ્રધાન પર નિશાન સાધતા રાહુલ ગાંધીએ કહ્યું કે મોદી મારા ભાષણથી ડરી ગયા છે, અદાણીને મળેલા પૈસાનો જવાબ કેમ કોઈ નથી આપી રહ્યું. સંરક્ષણ મંત્રાલયે પણ આ અંગે સવાલ ઉઠાવવો જોઈએ. રાહુલ ગાંધીએ કહ્યું કે આ પૈસા કોના છે તે જાણવું ખૂબ જ જરૂરી છે.

રાહુલે વધુમાં કહ્યું હતું કે "જનતા સમજી ગઈ છે કે અદાણી ભ્રષ્ટાચારી માણસ છે, અને હવે લોકોના મનમાં પ્રશ્ન ઊભો થયો છે કે ભારતના વડાપ્રધાન આ ભ્રષ્ટાચારીને કેમ બચાવી રહ્યા છે. તેમના મનમાં છે દેશ અદાણી છે અને અદાણી દેશ છે."

રાજનીતિ મારા માટે ફેશનનો વિષય નથી. સાચું બોલવું એ મારા માટે નવી વાત નથી. આ મારા જીવનની તપસ્યા છે. ભલે મને અયોગ્ય ઠેરવે. મને મારે, જેલમાં નાખે, પણ હું મારી તપસ્યા કરતો જ રહીશ. આ દેશે મને પ્રેમ આપ્યો છે. માટે મારે દેશ માટે પણ આ બધી બાબતનો સામનો કરવો જ પડશે.તેમણે કહ્યુ, 'મે સંસદમાં ઘણી વખત પુરાવા આપ્યા, અદાણી અને પીએમ મોદીના સંબંધો વિશે વાત કરી. નિયમોમાં ફેરફાર કરીને અદાણીને એરપોર્ટ આપવામાં આવ્યું હતુ, મે સંસદમાં આ અંગે વાત કરી હતી પરંતુ પીએમ મોદી અદાણી પરના મારા આગામી ભાષણથી ડરી ગયા છે અને આ મે તેની આંખોમાં જોયુ છે. તેથી પહેલા ડિસ્ટ્રેક્શન અને પછી ડિસ્ક્વૉલિફિકેશનનુ સંપૂર્ણ આયોજન કરી અદાણીના મુદ્દા પરથી ધ્યાન હટાવ્યુ. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું કે, રાહુલ ગાંધીનું સભ્યપદ રદ કરવું એ સુનિયોજિત કાવતરું છે.

## રાહુલ ગાંધીનું સાંસદ પદ ખતમ થતાં ખાલી થયેલી વાયનાડ સીટ પર ચુંટણી પંચ પેટાચૂંટણી કરાવશે

નવીદિલ્હી,તા.૨૫

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની લોકસભા સદસ્યતા અયોગ્ય ગણાવ્યા બાદ કેરલની વાયનાડ સંસદીય સીટને ખાલી જાહેર કરી દેવામાં આવી છે. આ સીટ પરથી રાહુલ ગાંધી ચૂંટાયા હતા. આ સમગ્ર ઘટનાક્રમ બાદ હવે સૌની નજર ચૂંટણી પંચ પર જઈને મંડાઈ છે. માનવામા આવી રહ્યું છે કે, પંચ આ સંસદીય સીટ પર આગામી છ મહિનાની અંદર ગમે ત્યારે ચૂંટણી કરાવી શકે છે.

લોકસભા સચિવાલયના નોટિફિકેશન અનુસાર, કેરલની વાયનાડ સંસદીય સીટનું પ્રતિનિધિત્વ કરી રહેલા રાહુલ ગાંધીને સૂરતની એક કોર્ટ દ્વારા વર્ષ ૨૦૧૯ના માનહાનિ કેસમાં સજા સંભળાવ્યા બાદ શુક્રવારે લોકસભાનું સભ્યપદ ખતમ થઈ ગયું હતું. માનહાનિ કેસમાં કોર્ટ રાહુલ ગાંધીને ૨ વર્ષની સજા ફટકારી છે.

હકીકતમાં લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૫૧એ અંતર્ગત ચૂંટણી પંચને સંસદ અને વિધાનસભાઓમાં ખાલી સીટો પર ખાલી જગ્યાને ૬ મહિનાની અંદર પેટાચૂંટણી કરવાનો અધિકાર છે. જો કે, તમાં એક શરત એ પણ છે કે, નવનિર્વાચિત સભ્ય માટે એક વર્ષ અથવા તેનાથી વધારે સમય બાકી હોય.

અહીં રાહુલ ગાંધીની અયોગ્યતા બાદ વાયનાડ સીટ ૨૩ માર્ચે ખાલી થઈ ગઈ હતી. ત્યારે આવા સમયે કલમ ૧૫૧ એ અંતર્ગત ચૂંટણી પંચ માટે ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધી આ ચૂંટણી વિસ્તારમાં પેટાચૂંટણી કરાવવી ફરજિયાત છે. અહીં ૧૭મી લોકસભાનો કાર્યકાળ પુરો થવામાં હજૂ એક વર્ષ કરતા પણ વધારે સમય બાકી છે. ત્યારે આવા સમયે પેટાચૂંટણી થશે. ભલે નિર્વાચિત સાંસદને નાનો કાર્યકાળ મળે.

અહીં ધ્યાન આપવા જેવી બાબત એ છે કે, ચૂંટણી પંચને વાયનાડ પેટાચૂંટણીની યોજનાને વિરામ આપવો પડી શકે છે અને જો તેની જાહેરાત કરે છે તો, ચૂંટણી પ્રક્રિયા પુરી થતા પહેલા કોર્ટ દ્વારા દોષસિદ્ધિ પર રોક લગાવાની સ્થિતીમાં મતદાનને રદ કરવું પડે શકે છે.

આ અગાઉ લક્ષદ્રિપથી એનસીપી સાંસદ મોહમ્મદ ફૈઝલની અયોગ્યતા હાલના કિસ્સામાં જોઈ શકાય છે. ફૈઝલને કોર્ટે હત્યાના પ્રયાસમાં ૧૧ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ દોષિત ઠેરવ્યા, જેનાથી તેઓની લોકસભા સદસ્યતા જતી રહી. ચૂંટણી પંચે તુરંત આ સીટ પર પેટાચૂંટણી કરાવાની જાહેરાત પણ કરી દીધી. જો કે, કેરલ હાઈકોર્ટે તેમની દોષ સિદ્ધિ પર રોક લગાવી દીધી હતી, જે બાદ આયોગે પણ ચૂંટણી નોટિફિકેશન ટાળવું પડ્યું હતું.

જો કે અહીં એક રસપ્રદ વાત એ છે કે, કેરલ હાઈકોર્ટમાંથી મળેલી રાહત બાદ ફૈઝલની લોકસભા સદસ્યતા ભલે પાછી મળી ગઈ હોય, પણ તેઓ સદનની કાર્યવાહીમાં હજૂ પણ ભાગ લઈ શકતા નથી.

## બ્રિટનમાં ખાલિસ્તાનીઓના ઉપદ્રવ

# દેશમાં એમ્બેસી ઓફિસ અને અધિકારીઓની સુરક્ષા કરવાની જવાબદારી બ્રિટનની છે

### બ્રિટન પોતાની જવાબદારી નિભાવી શક્યું નથીઃ વિદેશ મંત્રી એસ જયશંકર



નવીદિલ્હી,તા.૨૫

જયશંકર આજુબાજુની બાબતોને ટ્વિસ્ટ કરતા નથી. તે સ્પષ્ટ જવાબો આપવામાં નિષ્ણાત છે. આ ઘટના પર બોલતા તેમણે કહ્યું કે તમારા દેશમાં એમ્બેસી ઓફિસ અને અધિકારીઓની સુરક્ષા કરવાની જવાબદારી તમારી છે, પરંતુ બ્રિટન પોતાની જવાબદારી નિભાવી શક્યું નથી

વિદેશ મંત્રી એસ જયશંકરના ત્વરિત જવાબથી બધાને વિશ્વાસ છે. તેમણે વિદેશની ધરતી પર ભારતનું કારણ મજબૂતીથી મૂક્યું છે. તેમના કાર્યકાળ દરમિયાન ઘણા મોટા મુદ્દાઓ સામે આવ્યા હતા. તેના એક જવાબને આખી દુનિયા કોણ ભૂલી શકે છે. જ્યારે તે દુનિયાને કહી રહ્યા હતા કે ભારત રશિયા પાસેથી તેલ કેમ ખરીદી રહ્યું છે, ત્યારે એક જ ઝટકામાં બધાના મોં બંધ થઈ ગયા. ફરી એકવાર તેણે બ્રિટનને આ જ તર્જ પર જવાબ આપ્યો છે સાથે જ સલાહ પણ.

એક સપ્તાહ પહેલા ખાલિસ્તાનીઓએ બ્રિટિશ હાઈ કમિશન પર હુમલો કર્યો હતો. પહેલા તો ભારત વિરુદ્ધ નારેબાજી ચાલુ રહી, પરંતુ ત્યારબાદ ભારતીય હાઈ કમિશનમાં લહેરાવેલ ભારતીય ધ્વજને નીચે ખેંચવાનો પ્રયાસ કરવામાં આવ્યો. એક ખાલિસ્તાની સમર્થક હાઈ કમિશનની દીવાલ પર ચઢી ગયો અને ધ્વજ નીચે ખેંચવા લાગ્યો. નવાઈની વાત એ છે કે ત્યાં એક પણ પોલીસકર્મી હાજર નહોતો. આ મામલાને લઈને એસ જયશંકરે કહ્યું કે સુરક્ષામાં બેવડા ધોરણોને સાંખી લેવામાં આવશે નહીં.જયશંકર આજુબાજુની બાબતોને ટ્વિસ્ટ કરતા નથી. તે સ્પષ્ટ જવાબો આપવામાં નિષ્ણાત છે. આ ઘટના પર બોલતા તેમણે કહ્યું કે તમારા દેશમાં એમ્બેસી ઓફિસ અને અધિકારીઓની સુરક્ષા કરવાની જવાબદારી તમારી છે, પરંતુ બ્રિટન પોતાની જવાબદારી નિભાવી શક્યું નથી. વિદેશ મંત્રીએ કહ્યું કે આ કેવી રીતે બેવડું વલણ છે. અમારી સુરક્ષા એકદમ ચુસ્ત છે અને અન્ય કોઈ દેશના દૂતાવાસની સુરક્ષા બિલકુલ નથી.બેંગ્લોર દક્ષિણના ભાજપના યુવા સાંસદ તેજસ્વી સૂર્યાએ એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં ભાગ લેવા વિદેશ મંત્રી એસ જયશંકર પહોંચ્યા હતા. આ દરમિયાન તેમને અંગ્રેજોની ઘટના વિશે પૂછવામાં આવ્યું. આનો જવાબ આપતાં તેમણે કહ્યું કે જ્યારે પણ કોઈ દેશ પોતાના અધિકારીને બીજા દેશમાં મોકલે છે ત્યારે તે દેશની જવાબદારી હોય છે કે તે તેમને સુરક્ષા આપે. તેમણે કહ્યું કે જ્યારે બદમાશો હાઈ કમિશન ઓફિસમાં આવ્યા ત્યારે ત્યાં કોઈ સુરક્ષા નહોતી.

## રાજસ્થાનઃ પોખરણ રેન્જમાં ટ્રેનિંગ દરમ્યાન મિસાઈલ મિસફાયર થઈ, હવામાં ફાટતા હડકંપ મચ્યો



જૈસલમેર,તા.૨૫

રાજસ્થાનના જૈસલમેરમાંથી એક મિસાઈલ મિસફાયરની ઘટના સામે આવી છે. અહીં પોખરણ રેન્જ ફાયરિંગ ફીલ્ડસમાં સેનાના જવાન પ્રેક્ટિસ કરી રહ્યા હતા. ત્યારે ભૂલથી મિસાઈલ ફાયર થઈ ગઈ હતી. તેનાથી કોઈ નુકસાન નથી થયું અને મિલાઈલ હવામાં જ ફાટી ગઈ ગઈ હતી અને તેનો કાટમાળ બાજૂના એક ખેતરમાં પડ્યો હતો. સેનાનું એક નિવેદનમાં જણાવ્યું કે, આ દરમ્યાન કોઈ જાનહાનિ થઈ નથી. આ મામલામાં તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

મિસાઈલની તસ્વીર શેર કરવામાં આવી છે, જેમાં જોઈ શકાય છે કે, મિસાઈલનો કાટમાળ નજીકના એક ઘઉંના ખેતરમાં જઈને પડ્યો છે, એજન્સીએ જણાવ્યું કે, જૈસલમેર જિલ્લામાં પોખરણ રેન્જમાંથી એક મિસાઈલ મિસફાયરની ઘટના સામે આવી છે, પણ રાહતની વાત એ છે કે, આ મિસાઈલ હવામાં જ વિસ્ફોટ કરી દીધો અને તેનાથી કોઈ નુકસાન નથી થયું. મિસાઈલ મિસફાયરની આ ઘટના પહેલી વાર નથી થઈ. આ અગાઉ ૯ માર્ચ ૨૦૨૨ના રોજ એક મિસાઈલ ભૂલથી ફાયર થઈ ગઈ હતી, જે પાકિસ્તાનના રાવલપિંડીમાં જઈને પડી હતી. આ ભારતની ખાસ બ્રહ્મોસ મિસાઈલ હતી, જેને પાકિસ્તાન સીમામાં એન્ટ્રી કરી તો, પાકિસ્તાન અથોરિટીને ખબર પણ ન પડી. બાદમાં આ કેસમાં એક કોર્ટ ઓફ ઈક્વાયરીના આદેશ આપ્યા છે. જે બાદ ભારતીય વાયુ સેનાના ત્રણ અધિકારીઓને તેમને પદ પરથી હટાવી દીધા હતા.

## કર્ણાટકમાં ભાજપ સરકારે લઘુમતીઓની અનામત રદ કરી, અનામતની બે નવી કેટેગરીમાં વધારો કરવામાં આવ્યો છે

બેંગ્લુરૂ,તા.૨૫

કર્ણાટક સરકારે લઘુમતીઓ માટે આપેલા ચાર ટકા અનામતને રદ કરવાનો નિર્ણય લીધો છે. સીએમના આ નિર્ણય બાદ હવે અનામતની બે નવી કેટેગરીમાં વધારો કરવામાં આવ્યો છે. હવે આ ચાર ટકાને આર્થિક રીતે નબળા હેઠળ લાવવામાં આવશે. મુખ્યમંત્રી બસવરાજ બોમાઈએ આ વાતની જાણકારી આપી હતી અને ચાર ટકા અનામત અન્ય લોકો વચ્ચે સમાન રુપે વહેંચવાનો નિર્ણય કર્યો હતો. આ સાથે કર્ણાટકમાં વોક્કાલિગા અને લિંગાયત સમુદાયો માટેના હાલના આરક્ષણમાં ઉમેરવામાં આવશે.

મુખ્યમંત્રીના સુત્રોના અનુસાર ઓબીસી મુસ્લિમો માટે ઉપલબ્ધ ચાર ટકા ક્વોટા વોક્કાલિગા અને લિંગાયત સમુદાયો વચ્ચે વહેંચવામાં આવ્યો છે. જે મુસ્લિમોને પહેલા આ ક્વોટા આપવામાં આવ્યો હતો તેઓને હવે આર્થિક રીતે નબળા વિભાગો હેઠળ લાવવામાં આવ્યા છે. કર્ણાટકમાં આ વર્ષે ચૂંટણી થવાની છે. આવી સ્થિતિમાં આ નિર્ણયને સરકારની ચૂંટણીનો દાવ કહેવામાં આવી રહ્યો છે. આ નિર્ણય બાદ કર્ણાટકમાં લિંગાયત આરક્ષણ હવે ૫ ટકાથી વધારીને ૭ ટકા કરવામાં આવશે. આ સાથે વોક્કાલિગા સમુદાય માટે અનામત ૪ ટકાથી વધારીને ૬ ટકા કરવામાં આવશે.

મુખ્યમંત્રી બસવરાજ બોમાઈએ જાહેરાત કરી હતી કે મુસ્લિમોને ૧૦ ટકા ઈડબ્લ્યુએસ ક્વોટા પૂલમાં ખસેડવામાં આવશે. કર્ણાટકમાં મુસ્લિમો કેટેગરી ૨બી હેઠળ આવે છે. આ ફેરફાર બાદ મુસ્લિમોએ હવે ઈડબ્લ્યુએસ ક્વોટા સાથે સ્પર્ધા કરવી પડશે. આ ક્વોટામાં બ્રાહ્મણો, વૈશ્ય, મુદલિયાર, જૈન અને અન્યનો સમાવેશ થાય છે.

## કર્ણાટક ચૂંટણી માટે કોંગ્રેસે ૧૨૪ ઉમેદવારોની યાદી જાહેર કરી છે.મલ્લિકાર્જુન ખડગેના પુત્ર પ્રિયાંકનું નામ પણ સામેલ છે

નવીદિલ્હી,તા.૨૫

કોંગ્રેસે કર્ણાટક વિધાનસભા ચૂંટણી ૨૦૨૩ માટે તેના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. કોંગ્રેસે ૧૨૪ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. કોંગ્રેસના ઉમેદવારોની પ્રથમ યાદીમાં પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને દિગ્ગજ નેતા ડીકે શિવકુમારના નામ સામેલ છે. કર્ણાટકમાં કુલ ૨૨૪ વિધાનસભા સીટો છે. કર્ણાટકમાં હાલ ભાજપ સત્તા પર છે. કોંગ્રેસ ફરી એકવાર કર્ણાટક સરકારમાં પરત ફરવાની આશા સેવી રહી છે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ સૌથી મોટી પાર્ટી બની હતી, પરંતુ બહુમતીથી ઓછી પડી હતી. આ પછી રાજ્યમાં કોંગ્રેસ અને જેડીએસ ગઠબંધનની સરકાર બની. જો કે, આ ગઠબંધન સરકાર ૫ વર્ષ સુધી ટકી શકી નહીં અને ભાજપ ફરી સત્તામાં આવી.

કોંગ્રેસે કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને વરુણા સીટથી અને વરિષ્ઠ નેતા ડીકે શિવકુમારને કનકપુરથી મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત રામદુર્ગથી અશોક એમ, હુક્કેરીથી એબી પાટીલ અને ખાનપુરથી ડો. અંજલિ કોંગ્રેસ તરફથી મેદાનમાં ઉતરશે.

જામખંડીથી આનંદ ન્યામાગૌડા, બાબલેશ્વરથી એમબી પાટીલ, ચિતાપુરાથી પ્રિયાંક ખડગે, ચિંચોલીથી સુભાષ રાઠોડ, ગુલબર્ગ ઉત્તરથી કનીજ ફાતિમા, કોપ્પલથી કે રાઘવેન્દ્ર, હુબલી ધારવાડ ઈસ્ટથી પ્રસાદ અને સાગરથી ગોપાલકૃષ્ણ કોંગ્રેસના ઉમેદવાર હશે.

કોંગ્રેસ દ્વારા શૃંગેરીથી ટીડી રાજગૌડા, મધુગીરીથી કેએન રંજના, બાગાપલ્લીથી સુબ્બા રેડ્ડી, ચિંતામણિથી એમસી સુધાકર, કોલાર ગોલ્ડ ફિલ્ડ્સથી રૂપકલા એમ, શ્રીનિવાસપુરથી રમેશ કુમાર, માલુરથી નાન્જે ગૌડા, સર્વગંગાનગરથી કેજે જ્યોર્જ, શિવાજીનગરથી રિઝવાન અરશદ અને શાંતિ નગરથી એન.એ.હરિસને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

NEWS OF GANDHINAGAR_P-1

## તંત્રી સ્થાનેથી...

# રાહુલને ઝાટકો

રાહુલ ગાંધીની માઠી બેઠી લાગે છે. સુરતની એક અદાલત દ્વારા અપરાધિક માનહાનિના એક કેસમાં રાહુલ ગાંધીને બે વર્ષની સજા સંભળાવ્યા બાદ આજે તેમની સંસદીય સદસ્યતા પણ ચાલી ગઈ છે. હવે ખબર નહીં આગળ શું થશે, પરંતુ પોતાની સજા પર રાહુલ ગાંધીના એમ કહેવાનો કોઈ મતલબ નથી કે સત્ય મારો ભગવાન છે. મહાત્મા ગાંધીના આ કથનનો ઉલ્લેખ કરવો એટલા માટે વ્યર્થ છે, કારણ કે તેમને જે નિવેદન માટે માનહાનિના દોષીત ગણાવવામાં આવ્યા છે, તેને સત્ય સાથે કોઈ લેવાદેવા નથી. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાનો સાધવા માટે લલિત મોદી, નીરવ મોદીનો ઉલ્લેખ કરતાં એમ જે કહ્યું હતું કે તમામ મોદી ચોર કેમ હોય છે, તે દરેક દષ્ટિએ એક અપમાનજનક અને અભદ્ર નિવેદન હતું. ગત લોકસભા ચૂંટણીના અવસર પર તેમના તરફથી આપવામાં આવેલ આ નિવેદન એક જાતિ વિશેષના લોકો પ્રત્યે તેમની દુર્ભાવિના જ દર્શાવે છે. આ જ કારણ છે કે તેમને માનહાનિના દોષી ઠેરવવામાં આવ્યા. રાહુલ ગાંધીને એ આભાસ હોવો જોઈતો હતો કે પોતાના એક નવેદનથી એક જાતિના લોકોને તેઓ લાંછિત કરી રહ્યા હતા. તેઓ કોંગ્રેસના મોટા નેતા છે, તેનો મતલબ એ નહીં કે તેઓ સંભાળીને બોલવાનું છોડી દે અને જે મનમાં આવે, તે બોલી નાખે. સમસ્યા એ છે કે તે એવું જ કરતા રહે છે અને એ જ કારણે રહી-રહીને ટીકા અને વિવાદનું કેન્દ્ર બનતા રહે છે.

કોઈને કશું પણ કહી દેવું અને ત્યાં સુધી કે અપમાનજનક શબ્દોનો પ્રયોગ કરવો બેજવાબદાર હરકત જ નહીં, ખુદને અતિ વિશિષ્ટ સમજવાની માનસિકતા પણ છે. જાહેર જીવનમાં આવી સામંતી માનસિકતા માટે કોઈ સ્થાન ન હોઈ શકે. આજે આ માનસિકતાને કારણે તેમણે સંસદનું સભ્યપદ ગુમાવવું પડ્યું છે, તે કોઈ જેવું તેવું નુક્સાન નથી. રાહુલ ગાંધીએ પોતાના અપમાનજનક નિવેદન માટે ક્ષમા માંગી લેવાની જરૂર હતી, પરંતુ રાજકીય કારણોસર તેમણે એવું કરવાનો ઈનકાર કર્યો. પરિણામ એ આવ્યું કે આજે તેમના રાજકારણ પર જ બ્રેક લાગી ગઈ. જોકે પોતાની આ હાલત માટે તેઓ બીજા કોઈને દોષ ન આપી શકે. વિચિત્ર વાત એ છે કે કોંગ્રેસીઓ રાહુલ ગાંધીનો બચાવ કરતાં ન્યાયિક પ્રક્રિયા પર જ પ્રશ્નો ઊભા કરી રહ્યા છે. એનાથી કશું વળવાનું નથી. રાજનીતિના નામે કોઈને ગમે તે કહેવાની છૂટ ન આપી શકાય. રાહુલ ગાંધી તો એ સારી રીતે જાણતા જ હતા કે સુપ્રીમ કોર્ટની એક ટિપ્પણીને ખોટી રીતે ઉલ્લેખ કરતાં જ્યારે તેમણે એમ કહી દીધું હતું કે હવે તો શીર્ષ અદાલત પણ કહી રહી છે કે ચોકીદાર ચોર છે, ત્યારે તેમણે નાકલીટી તાણીને માફી માંગવી પડી હતી. રાહુલનું સાંસદ પદ ગયું એમાં કોંગ્રેસીઓ ઘણા બેબાકળા થઈ ગયા છે. જોકે આવું પહેલી વાર નથી થયું. આ પહેલાં પણ લાલુ યાદવ, આઝમ ખાન, જયલલિતા વગેરે કેટલાય સાંસદો કે ધારાસભ્યોની સદસ્યતા સજા મળતાં જ રદ્દ કરી દેવામાં આવી હતી. કોંગ્રેસે હવે આત્મમંથન કરવાની જરૂર છે. રાહુલ ગાંધીને થયેલી સજા અને ત્યાર પછીના ઘટનાક્રમથી હવે કદાચ તે કંઈક શીખશે.

# કૂતરૂ નહીં પણ હડકાયું કૂતરૂં કરડશે તો જ રજા મંજૂર થશે -હડકાયેલ અધિકારીનું અલ્ટિમેટમ!!!

રજા આપણા જીવનનું અભિન્ન( નોકરી દરમિયાન ખાસ ) અંગ છે. શરીરમાં શીરા અને ધમની મારફતે રુધિરાભિસરણ થાય છે તેમ રજા મારફત મજાભિસરણ થાય છે. શ્લોચ્છવાસ જેવી જ રજા-ફરજ એક અનિવાર્ય અને અત્યાવશ્યક પ્રક્રિયા છે!!( આવું બધુ લખવાથી હાસ્ય લેખક ગંભીર ચિંતન કરી શકે છે એવી છાપ ઉભી થાય છે, ડયુડ!!)કેટલાક રજા પ્રેમીંઓ કેલેન્ડરમાં રજાના દિવસો કે તારીખ પર લાલ પેનથી કુંડાળા ( કેટલીક મહિલાઓ પણ મેન્સીસના દિવસો માટે કેલેન્ડરમાં લાલ કુંડાળા કરે છે!!) કરે છે. કેટલીકવાર અલગ અલગ રજાઓ વચ્ચે વર્કિંગ ડે હોય છે.( કામ ન કરવુ હોય અને માટે તો વર્કિંગ ડે પણ હોલી ડે છે!! એ વાત અલગ છે!! રજામય સબ જગ જાની કરહું પ્રણામ જોરી નિત જાની એમ તુલસીદાસ કહી ગયા છે!! જેનો કોઇ વિરોધ નથી. નરસિંહ મહેતા તો કહી ગયા છે કે રજા તત્વ ચિન્યો નહીં ત્યાં સુધી સર્વ ચાકરી જૂઠી!!)આપણે રજાપ્રિય પ્રજા છીએ. જો આજના સમયે બાલ ગંગાધર તિલકે હાકલ કરવાની હોય તો તિલક મહારાજ બુલંદ અવાજે સાગર જેવી ગર્જના કરે "રજા એ મારો કર્મચારી સિધ્ધ હક્ક છે અને તે મેળવીને જંપીશ.!!! "મહાત્મા ગાંધીજી પણ "કાગડા કૂતરાંના મોતે મરીશ પણ રજા મેળવ્યા વિના પરત ફરીશ નહીં "એવો સંકલ્પ કર્યો હોત તેમ અવળચંડો રાજુ રદી કહે છે!! આજના સમયમાં આઝાદી સમયનું ડુ ઓર ડાઇ સ્લોગન" રજા લો અથવા બંક મારો"માં રૂપાંતરિત થયું હોત!! જવાહરલાલ નહેરુંએ પણ કહ્યું હોત "મને રજાના કારણોમાં નહીં પણ રજામાં રસ છે. કેમ કે, કામ હરામ હૈ અને આરામ તમામ હૈ!!"

ઘણા લોકો કામગરા હોય છે. તદન બોચિયા. સાવ વેદિયા. કીડીઓ પગ વાળીને બેસતી નથી( કીડીઓને પગ કેટલા બધા હોય. પગ વાળવા બેસે તો કદાચ સંતુલન ગુમાવીને ગબડી પડે!!) કીડી સતત કામ કરે છે. કદાચ દિવસના ચોવીસ કલાકમાંથી બાવીસ કલાક કામ કરતી હશે પણ કામ કરવાનો પબ્લિસિટી ઢોલ કે નગારા પીટતી નથી. કીડીની વાતમાં પણ તેનો ઉલ્લેખ કરતી નથી.!!! સામે પક્ષે કીડીની રાણી પોદળા જેવી હોય છે. કીડીની રાણી આરામ ફરમાવવાનું કામ કરે છે!!! કામગરા લોકોને રજા ગમતી નથી. એક બે રજામાં ઘરે રહી કંટાળી જાય છે. રજા પૂરી થાય કે તરત કામે ચડવાની તાલાવેલી હોય છે. કદાચ બોચિયા કામ સાથે પરણ્યા ન હોય!!

ઓફિસમાં બે કલાક મોડા પડીએ તો આંગળીના વેઢા ગણી શકાય તેટલા બહાના ઉપલબ્ધ છે!! મહેમાન આવ્યા-ગળે ઉતરે તેવું બહાનું. ગાડીમાં પંકચર પડ્યું. મહિનામાં નવ નવ વાર પંકચર પડે તો ટાયર બદલ ભીડું!! બેકનું કામ,વીમાનું પ્રીમિયમ , સનની સ્કૂલમાં પેરેન્ટ બેઠક -કેટલા બહાના. એક ઢૂંઢો હજાર મિલે!!

સ્ટોલન કિસીસ આર ઓલ્વેઇઝ સ્વીટ એવું કોઇ નકામો રોમેન્ટિક નકામો કવિ કહી ગયો હશે!! કોલેજીયનોએ તેને બંક જોડે જોડી દીધું !! કોલેજ ભણવા માટે થોડી છે?? મજ્જો કરવા માટે છે. પીરીયડમાં ગાપચી મારો. કેન્ટિનમાં ચા-કોફી -સિગારેટ- સેન્ડવિચ- રૂપાળી રાધાઓની મખમલી સુંવાળી કંપની એન્જોય કરો. કોલેજ કર્યા પછી જીંદગીભર નોકરો કે ધંધો કરવાનો છે જ!! આજનો લ્હાવો લીજીયે કલ કિસને દેખા હૈ!! દમ મારો દમ. !!

ખાનગી કે સરકારી નોકરીમાં ગધેડાં જેટલું કામ કરો . પરંતુ,તમે રજાની માંગણી કરો એટલે તમારા સિનિયરનો તમારો રવૈયો બદલાઇ જાય. સિનિયરના પરમ પૂજય પિતાશ્રીનો વધ તમારા હાથે થયો હોય એવી રીતે તમે રજા માંગો એટલે એ ઓવર રીએકટ કરે!!એક રજામાં કોઇનું રાજ રંડાઇ ન જાય. સિનિયર તરીકે ગ્રેસ અને નોબેલીટી હોવી જોઇએ. કોઇ પોતાની જરૂરત હોય અને રજા માંગે તો સસ્મિત વદને રજા મંજૂર કરો. તમારો જુનિયર તમારી પીઠ પાછળ પણ તમારા વખાણ કરવા જખ મારીને મજબુર થઇ જશે.પરંતુ તમે હિટલર કે ચંગીઝખાન થવાનો વિકલ્પ પસંદ કરો છો!! કોઇ બાપડાના લાડલાનો જન્મ દિવસ છે. ફેમિલી સાથે ડિનરનો કાર્યક્રમ નક્કી કર્યો હોય. ઓફિસ અવર પહેલાં અડધો કલાક વહેલો જવા કરગરે. ત્યારે મુસોલિની માફક પેલા માણસને રાત્રિના દસ વાગ્યા સુધી અકારણ રોકી રાખીને તેના પોગ્રામ પર પાણી ફેરવવું એ બોસપણું નથી. તમને બોસ તરીકે આવું કરવાનો અધિકાર મળતો નથી!!

જયારે રજાઓ વચ્ચે વર્કિંગ ડે આવતા હોય ત્યારે કેટલાક ઉત્સાહી રજાજીવીઓ ( કેમ કૂતરાંની જેમ કાન ચમકે છે. અમે કામજીવી કે આંદોલનજીવીની વાત કરતા નથી ભકતો!!!) બે રજાઓ વચ્ચે પરચૂરણ, માંદગી , મરજીયાત, વળતર રજાનો ઝૂલતો પુલ ( રજાના ઝૂલતા પુલની જાળવણી કરવી પડતી નથી એટલે તે તૂટતા નથી, બરખુદાર જયેશભાઇ પટેલ !!) બનાવે છે. આને સકલાની ભાષામાં ખાલા પૂરવા કહે છે.કેટલાકને અઠવાડિયાના છ દિવસ કામ કરવાના રીતસરના ઝાટકા લાગે છે, બોલો!! તમે એ માર્ક કર્યું હશે કે રજાની આંગળના વર્કિંગ ડે ની સાંજે બકાના ચહેરા પર મનોજ ખંડેરિયાની ગઝલ જેવા ગલગલિયા હોય તમારા ( અહીં રજા સિવાય કાંઇ આડું અવળું વિચારવું નહીં. આડું અવળું કરવામાં દેશની પથારી ફેરવીને ૧૩૫ કરોડની વસ્તી કરી નાંખી !!)અહીં આજ પગલા થવાના ચમનમાં બધાને ખબર થઇ ગઇ છે. ઉઠાવી છે ફાઇલો બધાને બલ્લે બલ્લે થઇ ગઇ છે. કુંવારો સફળ લગ્નજીવનના (ગિરધરલાલ, આજે જોલી મુડમાં છો કે રાતનો હેંગ ઓવર છે? લગ્ન જીવન અને એ પણ સફળ? વોટ એ જોક!??!!) ફાયદા વર્ણવે તેવો ઉત્સાહ રજાના આંગળના દિવસે હોય છે. રજાના દિવસો પૂરા થાય અને જે દિવસે ડયુટી રીઝયુમ કરવાની હોય એ સવાર અર્જુન વિષાદયોગથી રતિભાર કમ હોતી નથી. મરઘા કે ઢોરને કસાઇવાડે જવા જેવી કરૂણતમ ફિલિંગ હોય છે!!!

રજાના કારણોની શું જરૂર છે!? સરકારના નિયમો મુજબ રજા નામંજૂર કરી શકાત પણ બાબુઓને રજાનો પ્રકાર બદલવા દબાણ ન કરી શકાય. આમાં એવું છે કે નવ દસ વાર દાદી કે કાકી મરી જાય, પંદરવાર ફોઇનો પગ ભાંગે, આઠેકવાર એકની એક મામીનું સિમંત હોય, કારમાં અઠાવન વાર પંકચર પડે, ત્રેસઠ વાર વિધવા માશીને પ્રસુતિ આવે. આ પ્રકારની ઘટના કુદરતી છે, સાહજિક અને પ્રાયોગિક છે, સાંયોગિક છે. આવું કાંઇ ષડયંત્ર રચી ન શકાય!!! મારા રજાના હિસાબમાં રજા જમા હોય તો રજા મંજૂર કરવામાં કોઇને ચુંક શા માટે આવવી જોઇએ??

કર્મચારી આલમમાં ૧૨ પરચૂરણ રજા, બે મરજિયાત રજા, છ મહીને પંદર હકક રજા( કર્મચારી તમામ રજા-પ્રકાર ગમે તેવો હોય પણ રજાને હક્ક રજા જ ગણે છે!!), દર છ મહીને દસ માંદગીની રજા, નેવું દિવસની ખાસ રજા, પ્રસુતિ રજા( લાગુ ન પડે તેમણે માંગણી કરવી નહીં!) , પિતૃદેવ રજા ( સંતાનને પૃથ્વી પર લાવવું એ પણ પરાક્રમ છે. વાસ્તવમાં તેનું નામ પરાક્રમ કે પત્યૌધમ રજા રાખવું જોઇએ!!) મળે છે જીએલ એટલે ગાપચી લીવની રજાની સંખ્યા મુકરર કરવામાં આવી નથી. અનુકૂળતા, ઉપરી સાથેના સંબંધો, પોલ્સનના આધારે ગાપચીલીવની સંખ્યા મંજૂર થાય છે!! કેટલાક બાબુઓ રજા વાપરે છતાં રજાના હિસાબમાં રજા ઘટવાના બદલે ચક્રવૃદ્ધિ વ્યાજની જેમ વધારો-ઇજાફો થાય છે. ગાય-ભેંસની માફક રજા વિયાય છે. કુંભકર્ણ રાવણનો ભાઇ હતા. તે પણ કિલ્લેદાર કે કમાંડર ઇન ચીફ કે મેજર જનરલ કે એવા કોઇ હોદા પર હશે. કુંભકર્ણ છ માસ ઘોરતા હશે તે સમયની તેની ફરજ પરની ગેરહાજરી કંઇ રજા તરીકે ઉધારતાં હશે ???આ તો એક જેન્યુન સવાલ મનમાં થાય છે!!એક ભાઇ મહીનાનામાં એકસાથે ચાર રજા મંજૂર કરવા વિનંતી કરે. અરજીમાં રજાના કારણ વિશે એક હરફ ન લખે. અરજીના હાંસિયામાં એક કૌંસ દોરે. કૌંસમાં લાલ ટપકું કરે. તે ભાઇના સિનિયરે એક-બે વાર રજા મંજૂર પણ કરી. એક વાર ન રહેવાયું એટલે અરજદારને રજાનું કારણ કેમ લખ્યું નથી તેની પૃચ્છા કરી. પેલા ભાઇએ કહ્યું કે તેમણે પત્રના હાંસિયામાં રજાનું કારણ દર્શાવેલ છે!! સિનિયરને કંઇ ટપ્પો પડ્યો નહીં. પેલા ભાઇને ફોડ પાડવા કહ્યું. પેલા ભાઇએ કહ્યું ,"મારી મિસિસ ટાઇમમાં છે. રાંધવા, વાસણ સાફ કરવા વગેરે ઘરના કામ મારે કરવાના છે. એટલે રજા મુકી છે!!! "પછી કૌંસમાં લાલ ટપકું કરેલી રજાઓ મંજૂર કરવામાં કોઇ વાંધાવચકા નીકળ્યા નહીં?!!

અમદાવાદ કલેકટર કચેરીમાં દેરાસરી કરીને એક મામલતદાર હતા.દેરાસરીના પિતાનું નિધન થયું. દેરાસરીએ પિતાજીના ક્રિયાકરમ માટે રજા માંગી. રજા મંજૂર કરવાના આગલા દિવસ લગી રજા મંજૂર ન થઇ.છેલ્લા દિવસે કલેક્ટરની ચેમ્બરમાં જઇ રજા મંજૂર કરવા વિનંતી કરી . કલેક્ટરે રજા નામંજૂર કરી. " મારો બાપ મરી ગયો છે. હું રજા પર જઇશ જ. તારો બાપ મરી જાય ત્યારે તુ રજા પર જતો નહીં " કલેક્ટરને મોં પર ચોપડાવીને વનરાજની અદાથી દેરાસરી કલેકકટરાલય છોડીને ઘરે આવી ગયા!!અક પ્રચલિત જોક મુજબ લશ્કરના કર્મચારીને રજાની જરૂર પડી. તેણે રજા મંજૂર કરવા અરજી કરી. રજા મંજૂર કરનાર અધિકારીએ રજા મંજૂર કરવા માટે પાકિસ્તાનની બે તોપ રજૂ કરવા જણાવ્યું. લાન્સનાયક કે સુબેદાર કક્ષાના કર્મચારીએ અડધા કલાકમાં બે પાક્સ્તાની તોપ પ્રસ્તુત કરી. અધિકારી ખુશ થઇ ગયાને રજા મંજૂર કરી દીધી. પછી સુબેદારને પૂછ્યું કે અત્યારે યુધ્ધ નથી, કોઇ સર્જીકલ સ્ટ્રાઇક નથી તો બે પાકિસ્તાની તોપ કયાંથી ઉઠાવી લાવ્યો." હુજૂર પાકિસ્તાનના લશ્કરના કર્મચારીને રજા મંજૂર કરાવવી હોય ત્યારે આપણે અહીંની તોપ આપીએ છીએ. આપણે રજા જોઇએ ત્યારે એ લોકો તોપ આપે છે.રજા મંજૂર કરાવવાનો વાટકી વ્યવહાર નહીં પણ તોપ વ્યવહાર છે. બંને પક્ષે રજા ગમે તેટલી મંજૂર થાય પણ તોપ ચારની ચાર રહે છે!!!!હમણા નાગપુર પોલીસ બેડા ( પોલીસ બેડા શબ્દ શું કામ વપરાય છે તેની અમે નાઓને ખબર પડતી નથી. આઉટ ચોંકી હોય તો પોલીસ પવાલું, પોલીસ ચોંકી હોય તો પોલીસ બોઘરણું, જિલ્લા કચેરી હોય તો પોલીસ ગાગર અને ડીજીપી કચેરી હોય તો પોલીસ હાંડો શબ્દ કેમ વાપરવાનાં આવતો નથી?? બોલો દગડું-પાંડું જવાબ આપો!!)માં કોઇએ રજા માંગી કૂતરું કરડવા સબબ શખ્સ ઈસમનાઓએ માંગેલ રજા નામંજૂર કરાઇ. કેમ? વેરી સિમ્પલ!! હડકાયેલ કૂતરું કરડ્યું હશે તો જ રજા મળશે એવું કોઇ હડકાયેલ અધિકારીએ નક્કી કર્યું. એક તો નાગરિકમાં કૂતરા કેટલા અને હડકાયેલ કેટલા તેનો પોલીસ સ્ટેશન દીઠ પોલીસ એપમાં ડેટા નહીં મળે. રજા મંજૂર કરાવવા કેટલા બધા કૂતરા પકડવા પડે, પછી કેટલા કૂતરા હડકાયેલ છે તેને અલગ તારવવા પડે, તેમની સાથે કરડવાનો ઓફ કોર્સ કૂતરાંને ચુકવવાનો રેટ નક્કી કરવો પડે, હડકાયેલ કૂતરાંને કરડવાની મંજૂરી આપતો બારાયદા વર્ક ઓર્ડર આપવો પડે, તત્કાળ કરડવાનો રેટ અલંગથી નક્કી કરવો પડે હડકાયેલ કૂતરાંની અવેડામાં એસપીથી નીચેની રેક્ર ધરાવતા અધિકારી કરડી ન શકે તેવો પ્રોવીજો રાખવો પડે. હડકાયેલ કૂતરું પોલીસને કરડે તો કૂતરાંને પોલીસવા ન થાય તેની રસી આપવાનું વ્યવસ્થા પણ કરવી પડશે. નહીંતર કૂતરું ગમે ત્યાં અને ગમે તેની પાસેથી ઉઘરાણું કરવાનું ચાલુ કરી દેશે !!! આ બધી માથાકૂટ કરવા કરતા.. અગાઉની વ્યવસ્થા બહાલ કરો નહીંતર હડકાયા કૂતરાંની સંખ્યા કરતાં વધુ સંખ્યામાં હડકાયેલ કૂતરાથી કરડવાથી રજા મુકાશે અને ડબલ હડકાયેલ અધિકારી રજા મંજૂર કરશે . જતે દિવસે વળતર રજા, પિતૃત્વ રજા, માતૃત્વ રજા, સીએલની કેટેગરીમાં હડકવા રજાનો ઉમેરો થશે!!! ઓહ નો!

ભરત વૈષ્ણવ

# ગાંધીજી પાસે કોઈ ડિગ્રી ન હતીઃ જમ્મુ-કાશ્મીરના ઉપરાજયપાલે નવો વિવાદ છેડયો

નવીદિલ્હી,તા.૨૫

દેશમાં પ્રથમ વખત મહાત્મા ગાંધીજીની શૈક્ષણિક ડિગ્રીનો એક નવો વિવાદ છેડાયો છે. જમ્મુ-કાશ્મીરના ઉપરાજયપાલ મનોજ સિન્હાએ ગ્વાલીયરમાં આઈટીએમ યુનિ.ના એક કાર્યક્રમને સંબોધન કરતા એવું વિધાન કર્યુ કે અનેક લોકોને અને ખાસ કરીને ભણેલા-ગણેલા લોકોને એવો ભ્રમ છે કે ગાંધીજીની પાસે લો ડીગ્રી હતી પણ હું અહી દર્શાવી રહ્યા છે કે ગાંધીજી પાસે કોઈ ડિગ્રી ન હતી.

ગાંધીજીએ ફકત હાઈસ્કુલમાં ડિપ્લોમા કર્યો હતો. આઈએમટી યુનિ.માં ડો. રામમનોહર લોહિયાની સ્મૃતિમાં એક પુસ્તકના વિમોચન કાર્યક્રમમાં મનોજ સિન્હાએ આ પ્રકારના વિધાનો કર્યા હતા. જેમાં અહી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત હતા.

તેઓએ પુસ્તકનું વિમોચન કર્યા બાદ મહાત્મા ગાંધી પર ગાંધીજીની ડિગ્રીનો વિવાદ છેડતા કહ્યું કે તમો મને પ્રશ્ન કરશો તો હું પૂરતા તથ્યો સાથે આ વાત કહી રહ્યા છે કે તેનો આધાર પણ મારી પાસે છે. જો કે ગાંધીજીના પ્રપૌત્ર તુષાર ગાંધીએ આ અંગે ટવીટ કરીને વળતો જવાબ આપતા કહ્યું કે, ગાંધીજી પાસે લોની ડિગ્રી હતી પણ તેઓ જો ગવાર લોકોને ઉપરાજયપાલ બનાવી દો તો આ જ સ્થિતિ બનશે.

તેઓએ કહ્યું કે, ગાંધીજી પાસે લો ડિગ્રી હતી પણ તેઓ પાસે ડબલ મેટ્રીકયુલેશનની ડિગ્રી હતી. તેઓએ કહ્યું કે ગાંધીજીએ ભણીને આ ડિગ્રી મેળવી હતી. તેઓએ લંડન યુનિ. સાથે સંકળાયેલી ઈનર ટેમ્પલ કોલેજમાંથી લો ડિગ્રી મેળવી હતી અને તેઓએ લેટીન અને ફ્રેન્ચમાં ડિપ્લોમા પણ કર્યો હતો. તેઓએ કહ્યું કે હું જમ્મુ-કાશ્મીર રાજભવને ગાંધીજીની આત્મકથા મોકલી અને આશા છે કે ઉપરાજયપાલ તે વાંચશે.

જો કે તેઓએ મનોજ સિન્હા પર વધુ કટાક્ષ કરતા કહ્યું કે હું તેની હિમ્મતને દાદ આપુ છું. તેઓએ નિર્ભય બનીને તેનું અજ્ઞાન પ્રદર્શિત કર્યુ છે. છતાં તેઓને જે ભૂમિકા સોપવામાં આવી છે તે વફાદારીપૂર્વક બજાવે છે. તેઓને ખબર છે કે તે જૂઠ બોલે ચ પણ છતા હિમતપૂર્વક બોલે છે અને તેમની પાસેથી આ આશા ન હતી છતાં હું મારી ફરજ બજાવીશ અને તેમને મહાત્મા ગાંધીની આત્મકથા મોકલીશ. તેણે કટાક્ષ કરતા કહ્યું કે એ વાસ્તવિકતા છે કે તેમની પાસે (ગાંધીજી) પોલીટીકલ ચાલનારી 'ડીગ્રી' ન હતી.

## પડદો પાડી દે

પ્રેક્ષકો કરે છે હુંટીંગ પડદો પાડી દે,<br>
વિરોધીઓનું છે સેટીંગ પડદો પાડી દે.<br>
અભિનયમાં જાન નિચોવી દીધી છતાં<br>
પ્રેક્ષકો ના કરે કલેપીંગ પડદો પાડી દે.<br>
ફેંફસાફાડ કોમેડી નથી , ટ્રેજીડી નથી,<br>
એકટ્રેસ નથી ઈન્સ્ટ્રેટીંગ પડદો પાડી દે<br>
કોઈ કરતા કોઈ કયા છે થિયેટરમાં,<br>
આંખો નહી તો અડધો પડદો પાડી દે.<br>
ખેંચી ખેંચી ખેંચીને કેટલું લંબાવી શકાય,<br>
સીરીયલ નથી નાટક છે પડદો પાડી દે.

ભરત વૈષ્ણવ<br>
૨૨.૧.૨૦૨૧ કાવ્ય

# સોનાના વાયદામાં રૂ.૧,૫૫૯ અને ચાંદીમાં રૂ.૩,૬૮૧નો ઉછાળોઃ કોટન-ખાંડીમાં નરમાઈ

ક્રૂડ તેલના વાયદાના ભાવમાં એકંદરે સુધારોઃ નેચરલ ગેસ, મેન્થા તેલમાં ઢીલાશઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૧૨,૪૪૧ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૨,૧૬,૧૯૬ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૨૯૮ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૭થી ૨૩ માર્ચ સુધીના સપ્તાહ દરમિયાન ૪૮,૪૦,૪૨૮ સોદાઓમાં કુલ રૂ.૩,૨૮,૯૩૬.૬૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૧૨,૪૪૧.૭૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૨,૧૬,૧૯૬.૮૭ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧૧,૧૦,૮૫૫ સોદાઓમાં રૂ.૭૧,૬૯૮.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૨૬૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૦,૪૫૫અને નીચામાં રૂ.૫૮,૧૪૩ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૫૫૯ના ઉછાળા સાથે રૂ.૫૯,૫૬૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧,૩૮૧ વધી રૂ.૪૭,૦૭૪ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૩૧ વધી રૂ.૫,૮૨૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૪૯૪ ઊછળી રૂ.૫૯,૪૩૬ના સ્તરે પહોંચ્યો હતો.ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૬૭,૧૪૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૦,૨૬૨ અને નીચામાં રૂ.૬૭,૦૦૩ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩,૬૮૧ના ઉછાળા સાથે રૂ.૭૦,૨૧૨ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩,૪૮૯ વધી રૂ.૭૦,૧૨૨ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩,૪૭૪ ઊછળી રૂ.૭૦,૧૨૬ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૧,૦૬,૪૧૧ સોદાઓમાં રૂ.૧૪,૨૨૮.૨ કરોડના વેપાર થયા હતા. તાંબુ માર્ચ વાયદો રૂ.૭૫૫.૮૦ના ભાવે ખૂલી, રૂ.૩૨.૧૫ વધી રૂ.૭૮૩.૪૫ જ્યારે એલ્યુમિનિયમ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ વધી રૂ.૨૦૩.૮૫ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ ઘટી રૂ.૧૮૧ના ભાવ થયા હતા. જસત માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૦ વધી રૂ.૨૫૬ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૩૦ વધી રૂ.૨૦૪.૨૦ સીસુ-મિની માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ ઘટી રૂ.૧૮૧.૫૫ જસત-મિની માર્ચ વાયદો રૂ.૦.૩૫ વધી રૂ.૨૫૫.૯૦ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૭,૬૧,૯૭૯ સોદાઓમાં રૂ.૨૬,૪૨૨.૧૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૫,૭૬૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫,૯૦૩ અને નીચામાં રૂ.૫,૩૫૯ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૪૨ના સુધારા સાથે રૂ.૫,૭૯૦ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૪૦ વધી રૂ.૫,૭૯૨ બંધ થયો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦૯ના ભાવે ખૂલી, રૂ.૩૧.૭૦ ઘટી રૂ.૧૭૮.૬૦ અને નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૨૮.૯ ઘટી ૧૯૨.૪ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે રૂ.૯૩.૩૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૬૧,૭૬૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૧,૯૦૦ અને નીચામાં રૂ.૬૧,૧૦૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૪૦ની નરમાઈ સાથે રૂ.૬૧,૩૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૨.૪૦ ઘટી રૂ.૯૯૨.૧૦ બોલાયો હતો.


કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩૭,૦૭૬.૫૪ કરોડનાં ૬૨,૫૫૭.૬૧૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૪,૬૨૧.૪૯ કરોડનાં ૫,૦૩૦.૩૭૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧૩,૫૭૦.૧૪ કરોડનાં ૨૩,૯૫૫,૩૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧૨,૮૫૨.૦૫ કરોડનાં ૬૭૦,૦૪૯,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૨,૧૭૧.૮૨ કરોડનાં ૧૦૬,૪૭૯ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૮૩.૨૫ કરોડનાં ૧૫,૪૯૮ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૮,૭૪૩.૬૨ કરોડનાં ૧૧૪,૬૯૦ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩,૦૨૯.૫૧ કરોડનાં ૧૧૮,૩૯૪ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૪૩.૬૦ કરોડનાં ૭,૧૦૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૪૯.૭૭ કરોડનાં ૪૯૫.૩૬ ટનનાં કામકાજ થયાં હતાં.ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૪,૨૨૪.૮૨૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૩૯.૨૭૪ ટન, તાંબાના વાયદાઓમાં ૧૪,૭૯૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૨,૭૮૭ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૮૨૦ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૨,૩૫૨ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૯૭૯,૭૧૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫૯,૧૯૭,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૨,૭૨૦ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૬૨.૫૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૯૮.૦૩ કરોડનાં ૩૭૨૩ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૫૦૭ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ માર્ચ વાયદો ૧૫,૭૪૯ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૩૦૫ અને નીચામાં ૧૫,૭૨૦ બોલાઈ, ૫૮૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫૨૬ પોઈન્ટ વધી ૧૬,૧૭૮ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૨,૧૬,૧૯૬.૮૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૨,૩૨૪.૭૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૦૮૩.૮૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૩૧,૭૭૬.૫૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૭,૯૮૩.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

NEWS OF GANDHINAGAR_P-2

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO. 142
વિષય: ગદ્ય
શીર્ષક : મન મોતીનો ચારો
શબ્દો : ૩૨૪
લેખિકા : મનીષા મહેતા (ધરા)

મન મોતીનો ચારો

ધર્મ કહે છે ડાભની અણી ઉપર રહેલાં જળબિંદુ જેવું આપણું જીવન છે. ક્યારે એ બિંદુ સરી જઈને માટીમાં મળી જશે એની કોઈને ખબર નથી. જીવન એટલું ક્ષણિક અને અનિશ્ચિત છે ત્યારે એ જળબિંદુ ઉપર સૂર્યનું કિરણ પડે અને બિંદુ હીરા જેવું ઝગમગી જાય, મૃત્યુ પહેલાં અમર બની જાય તેમ શુદ્ધ ચારિત્રનાં કિરણોથી ઝગમગી જઈને અમર થવાની માણસને પણ તક મળે છે.

ચારે તરફ પ્રલોભનોની ભરમાર હોય ત્યારે નિર્લેપ ભાવે શુદ્ધ ચારિત્ર પાળવું એ જીવનની ઘણી મોટી કસોટી જ છે. તેટલું જ કઠિન હોય છે અભાવમાં જીવતાં માણસને સિદ્ધાંતોમાં બાંધછોડ કર્યા વગર ટકી રહેવું. એવા સંજોગોમાં માણસનાં જીવન ઘડતરમાં ચારિત્રનાં પાયા જેટલાં મજબૂત નંખાયા હશે તેટલું મજબૂતીથી એ ટકી રહેશે.

ચારિત્ર ઘડતરમાં અનેક પાસાઓ મહત્વનાં છે જેમ કે ગર્ભ સંસ્કાર, મતાપિતા દ્વારા બાળપણથી અપાયેલી કેળવણી અને પુખ્ત ઉંમર થતાં સુધીમાં વ્યક્તિગત રીતે ઘડેલું ચારિત્ર જેમાં પુસ્તકો, મિત્રો, ધર્મ અને આસપાસનું વાતાવરણ મહત્વનો ભાગ ભજવે છે. મનમાં શુદ્ધ વિચારોનો આશ્રય સેવવો, એટલે કે મનને મોતીનો ચારો આપવો અને કાંકરા રૂપી વૈચારિક અશુદ્ધિઓનો નિકાલ કરવો એ પ્રયત્નમાં સદૈવ સક્રિય રહેવું.

મોટા ભાગે ખોટી રીતે સેવાયેલી મહત્વાકાંક્ષાઓ, અમર્યાદિત ઈચ્છાઓ, અનિયંત્રિત વાસના ચારિત્રને શિથિલ કરવા તરફ દોરી જાય છે. ત્યારે વ્યક્તિનો અસંયમિત વ્યવહાર પોતાને તો દુઃખી કરે જ છે પરંતુ પરિવાર એને સમાજ સામે પણ સમસ્યાઓ ઊભી કરે છે. તંદુરસ્ત સમાજ ઉત્તમ ચારિત્રવાન નાગરિકો દ્વારા જ બનતો હોય છે, સંતો અને સાધકો પોતે ઉત્તમ ચારિત્ર પાળીને સમાજને શુદ્ધ ચારિત્રનો પથ ચીંધતા હોય છે.

ઉત્તમ ચારિત્ર ન કે માત્ર વ્યક્તિગત ઉન્નતિકારક છે પરંતુ તેવું આચરણ ઉત્તમ ફળ આપીને સમસ્ત પરિવાર, સમાજ અને દેશને પણ ઉન્નતિ અપાવનાર બને છે. માનવજીવન સાર્થક કરવા માટે સંપૂર્ણ પણે સંસારનો ત્યાગ જરૂરી નથી પરંતુ વ્યવહારજીવનમાં સજાગ રહીને અણીશુદ્ધ ચારિત્ર પાળવાથી પણ પ્રભુ સન્મુખ કોઈ અપરાધભાવ વિના પ્રસ્તુત થઈ શકાય. આ અણીશુદ્ધ ચરિત્રમાં જીવવું એટલે પૂજ્ય ગંગા સતી કહી ગયાં છે એમ,

વિજળીનાં ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ
અચાનક અંધારા થાશે રે...

ઉત્તરોતર આત્માની પ્રગતિ માટે માનવ જીવન, જે વિજળીનાં ચમકારા જેટલું મળ્યું છે તેમાં શુદ્ધ ચારિત્ર રૂપી મોતીડાં પરોવી લેવા!

મનીષા મહેતા(ધરા)
૨૫/૩/૨૩

---

NOG SS No.OO59
વિષય; ચારિત્ર્ય.
શીર્ષક: વાર્તા- વાર્તા.
ધડાકો રૂપલનો
શબ્દો: ૨૪૫.
લેખક:શ્ર જયકાન્ત ઘેલાણી
'પ્યારે'

વતનમાં મોહનભાઈના નામનો ડંકો વાગે,... વાગે ! ધન દોલત સાથે સાધન સંપન્ન,શાન્ત,ઉદાર સુખી પરિવાર. પરિવારમા પાંચમાં પૂછાતાં

ધર્મપત્ની વનિતા,નૈસર્ગિક રૂપ સાથે સદ્‌ગુણોનો ભંડાર. પુત્ર વિવેક, નામ પ્રમાણે વિવેકી અને સમજુ તો પુત્રી રૂપલ નામ પ્રમાણે રૂપ રૂપનો અંબાર, તેથી સૌ તેને લાડથી 'પરી' કહેતાં. કહેવાય છે કે રૂપ ને ગુણ સાથે ન હોય. પરંતુ અપવાદરૂપ 'પરી' રૂપ સાથે સદ્‌ગુણોનો ભંડાર.સાથે કરાટેમાં સુવર્ણપદક વિજેતા!

કોલેજમાં તેની સામે જોવાની પણ કદી કોઈ હિંમત ન કરી શકે તેવી તેની ધાક ને ચારિત્ર્યની અટલ છાપ.

કોલેજનો અભ્યાસ પૂર્ણ થતાં શેઠે પુત્રીના

હાથ પીળા કરવા, તપાસ શરૂ કરી પણ રૂપલની બરાબરી કરી શકે, એનાં પેંગડામાં પગ ઘાલી શકે એવો યુવક મળવો મુશ્કેલ ? જાણે ઘાસનાં પૂળામાંથી સોય શોધવી.

વિવેક પિતા સાથે વ્યવસાયમાં જોડાઈ ગયો તો, રૂપલ પ્રસિધ્ધ સામાજીક સંસ્થામાં માનદ્ સેવા આપવા લાગી.આ સંસ્થામાં સેવા આપતાં આકર્ષક પણ ફાંકોડી- વાચાળ યુવક પ્રેમલના પ્રેમમાં લાંબો વિચાર કર્યા વગર આગળ ને આગળ વધતી રહી. વાત ઉડતી ઉડતી મોહનભાઈનાં કાને આવી એટલે ભાવિ જમાઈના વિવિધ રંગોની તપાસમાં લાગી ગયાં. એક દિવસ ભાઈ વિવેક ઘરે વહેલો આવ્યો અને રૂપલને ને શહેરની આલિશાન હોટલમાં લઈ ગયો, અને ત્યાં ભાઈ બહેને જે દ્રશ્ય જોયું! રૂપલ ભાઈને છોડી, પ્રેમલ પાસે પહોંચી ગઈ,અને તેને કોલરથી પકડી ગાલ ઉપર તમતમતાં બે તમાચા ચોડી દીધાં.અને તેની સાથેની દરેક છોકરીઓને, પ્રેમલની અસલિયતની જાણ કરી ભાઈ પાસે આવી.પોતાની ભૂલનો એકરાર કરી,ઘરે પહોંચીને માતા- પિતાનાં ચરણસ્પર્શ કરી પોતાની ભૂલનો એકરાર કર્યો. સાથે સાથે વિવેકનો આભાર માન્યો.

'પ્યારે' આજે
સદ્‌ગુણનો વિજય, હરખાયો !
જયકાન્ત ઘેલાણી 'પ્યારે'.

## અહોહો...એકવાર "શરીરશાસ્ત્ર" નો અભ્યાસ કરો

તમને ભગવાનનો મહિમા સમજાઈ જશે અને શરીરને બગાડવાનો વિચાર પણ નહીં આવે.

લેખ આખો વાંચજો અને સૌને વંચાવજો(વૈજ્ઞાનિકો માનવ શરીરને જાણી શા માટે અચંબો પામી રહ્યા છે)

માનવ શરીર અદ્ભૂત છે

મજબૂત ફેફસા

આપણા ફેફસાં દરરોજ ૨૦ લાખ લિટર હવાને ફિલ્ટર કરે છે. આપણને એનો અંદેશો પણ નથી આવતો. જો ફેફસાંને ખેંચવામાં આવે, તો તે ટેનિસ કોર્ટના એક હિસ્સાને આવરી લેશે.

આવી કોઈ ફેક્ટરી નથી

આપણું શરીર દર સેકન્ડે ૨૫ કરોડ નવા સેલ બનાવે છે. વળી દરરોજ ૨૦૦ અબજથી વધુ રક્ત કોશિકાઓ ઉત્પન્ન થાય છે. દર વખતે શરીરમાં ૨૫૦૦ અબજ રક્ત કોષો હોય છે. લોહીના એક ટીપામાં ૨૫ કરોડ કોશિકાઓ છે.

લાખો કિલોમીટર મુસાફરી

માનવ રક્ત દરરોજ શરીરમાં ૧,૯૨,૦૦૦ કિલોમીટર મુસાફરી કરે છે. આપણા શરીરમાં સરેરાશ ૫.૬ લિટર લોહી છે, જે દર ૨૦ સેકંડે એકવાર સમગ્ર શરીરમાં ફરી લે છે.

ધબકારા

તંદુરસ્ત વ્યક્તિનું હૃદય દરરોજ ૧૦૦,૦૦૦ વખત ધબકે છે. તે વર્ષમાં ૩૦ કરોડકરતાં વધુ વખત ધડકી ચૂક્યું હોય છે. હૃદયના પંમ્પિંગનું દબાણ એટલું વધારે હોય છે કે તે લોહીને ૩૦ ફુટ જેટલું ઉપર ઉછાળી શકે છે.

બધા કેમેરા અને દૂરબીન નિષ્ફળ માનવ આંખ એક કરોડ રંગો વચ્ચેનો બારીકમાં બારીક તફાવત પારખી શકે છે. હાલમાં વિશ્વમાં એવું કોઈ મશીન નથી જે તેની સાથે સ્પર્ધા કરી શકે. નાકમાં એર કંડિશનરઆપણા નાકમાં કુદરતી એર કન્ડીશનર છે. તે ઠંડી હવાને ગરમ અને ગરમ ??હવાને ઠંડી કરી ફેફસાંમાં જવા દે છે.

કલાક દીઠ ૪૦૦ કિ.મી. ની ગતિ

ચેતાતંત્ર શરીરના બાકી હિસ્સામાં કલાકના ૪૦૦ કિલોમીટરની ઝડપે જરૂરી સૂચનાઓનું પ્રસારણ કરે છે. માનવ મગજમાં ૧૦૦ અબજ કરતાં વધુ નર્વ સેલ્સ છે.

જબરદસ્ત મિશ્રણ

શરીરમાં ૭૦ ટકા પાણી છે. આ ઉપરાંત મોટા પ્રમાણમાં કાર્બન, જસત, કોબાલ્ટ, કેલ્શિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફેટ, નિકલ અને સિલિકોન છે.

અજબ છીંક

છીંકતી વખતે બહાર ફેંકાતી હવાની ઝડપ પ્રતિ કલાક ૧૬૬ થી ૩૦૦ કિલોમીટર સુધી હોઈ શકે છે. ખુલ્લી આંખે છીંકવું અશક્ય છે.

બેક્ટેરિયાનું ગોદામ

માનવ શરીરનું ૧૦ ટકા વજન એમાં રહેલા બેક્ટેરિયાને કારણે છે. એક ચોરસ ઈંચ ત્વચામાં ૩.૨ કરોડ બેક્ટેરિયા હોય છે.

ઈએનટીનું વિચિત્ર વિશ્વ

આંખો બાળપણમાં જ પુરેપુરી વિકસી ચૂકે છે, બાદમાં તેમાં કોઈ વિકાસ થતો નથી. જ્યારે નાક અને કાનનો વિકાસ સમગ્ર જીવન પર્યંત ચાલુ રહે છે. કાન લાખો અવાજોમાં ભેદ પારખી શકે છે. કાન ૧,૦૦૦ થી ૫૦,૦૦૦ હર્ટ્ઝ વચ્ચેનાં અવાજનાં મોજા સાંભળી શકે છે.

દાંતની કાળજી લો

માનવ દાંત શીલા જેવા મજબૂત છે. પરંતુ શરીરના અન્ય ભાગો પોતાની કાળજી પોતે જ લે છે, જ્યારે દાંત બીમાર થયા પછી પોતાને સુધારવા માટે સક્ષમ નથી.

મોંમાં ભીનાશ

માનવ મોંમાં દરરોજ ૧.૭ લિટર લાળ બને છે. લાળ ખોરાકનું પાચન કરે છે તે ઉપરાંત જીભમાં રહેલી ૧૦,૦૦૦ કરતાં વધુ સ્વાદ ગ્રંથિઓને ભેજવાળી રાખે છે.

પલક ઝપકતાં

વૈજ્ઞાનિકો માને છે કે પલક ઝપકવાથી આંખોનો પરસેવો બહાર નીકળે છે અને તેમાં ભીનાશ જળવાઇ રહે છે. પુરૂષોની સરખામણીમાં સ્ત્રીઓ બમણી વાર પલક ઝપકાવે છે.

નખની કમાલ

અંગૂઠાના નખ સૌથી ધીરે ધીરે વધે છે. જયારે મધ્યમ આંગળીના નખ સૌથી વધુ ઝડપે વધે છે.

દાઢીના વાળ

પુરુષોમાં દાઢીના વાળ સૌથી ઝડપી વધે છે. જો કોઈ વ્યક્તિ આખું જીવન દાઢી ના કરે તો એની દાઢી ૩૦ ફુટ લાંબી હોઈ શકે છે.

ખોરાકનું ગણિત

વ્યક્તિ સામાન્ય રીતે ખાવા પાછળ પાંચ વર્ષની જિંદગી ખર્ચે છે. જીવનપર્યંત આપણે આપણા વજન કરતાં ૭,૦૦૦ ગણો વધારે ખોરાક ખાધો હોય છે.

વાળ ખરવાની પરેશાની

એક તંદુરસ્ત માણસના માથામાંથી દરરોજ ૮૦ વાળ ખરતા હોય છે.

ડ્રીમ વર્લ્ડ

બાળક દુનિયામાં આવે તે પહેલા પણ એટલે કે માતાના ગર્ભાશયમાં જ સ્વપ્ન જોવાનું શરૂ કરે છે. વસંતઋતુમાં બાળક ઝડપથી વિકાસ પામે છે.

ઊંઘનું મહત્વ

ઊંઘ દરમિયાન માણસની ઉર્જા બળે છે. મગજ મહત્વપૂર્ણ માહિતીનો સંગ્રહ કરે છે. શરીરને આરામ મળે છે અને સમારકામનું કામ પણ થાય છે. ઊંઘ દરમિયાન જ શારીરિક વિકાસ માટે જરુરી હોર્મોન્સ મુક્ત થતા હોય છે.તેથી તમારા કિંમતી શરીરનું ઓછું મૂલ્યાંકન કરશોમા માટે ભગવાન ને દિવસ માં ૩ વાર અચૂક યાદ કરશો સવારે ઉઠી ને ,જમતી વખતે અને રાતે સૂતી વખતે.

## સારા નેક કામો કરવામાં વાર જોવી નહી આજથી હમણાંથી જ શરૂઆત કરી દો




પવિત્ર રમજાન મહિનો ચાલુ છે . એક જાતનું પવિત્ર અલોકીક વાતાવરણ રચાઈ જાય છે વહેલી સવારથી સૂર્યોદયથી માંડીને સાંજે મગરીબ સૂર્યાસ્ત સુધી લગભગ પોણા ૧૪ કલાક રોજુ રાખવાનું હોય છે આટલા બધા કલાક અનાજના એક દાણા વગર અરે પાણીના એક ઘુંટ વગર રહેવું ખરેખર ખુબ જ મુશ્કેલ કામ છે

આપણા બધા જ ઘરોમાં વહેલી સવારે ઉઠી આપણી માં બહેનો આપણા માટે પરિવારના નાના મોટા તમામ સભ્યો માટે એમની માંગ મુજબ રોજા માટેની સામગ્રી તૈયાર કરે છે

એક તો ઘરનું બધું કામ પતાવી મહિલાઓને માંડ મોડી રાતે સુવાનું નસીબ થાય છે .એમાં પાછું રાતે મોડા સુઈ વહેલી સવારે ઊઠીને બધી તૈયારીઓ કરવી પડે છે .પાછું પોતાને પણ પાછું રોજુ કરવાનું હોય છે.વળી પાછી સાંજે રોજુ ખોલતી વખતની પણ તૈયારી કરવી પડે છે આમ આખો દિવસ મહિલા વર્ગને જરા પણ શાંતિ આરામ મળતો નથી .સતત આટલી બહારની ગરમી વધારામાં રસોડાની ગરમીમાં ભુખ્યા પ્યાસા રહી બધી જવાબદારી નિભાવવી કઈ ખાવાના ખેલ નથી ખુબ જ સંયમ અને ધીરજ સબર માંગી લે એવું કામ છે.ખરેખર આપણા ઘરની મહિલાઓ સેલ્યુટની સાચી હકદાર છે .પાક પરવરદિગાર આપણા સાથે આપણા ઘરની મહિલાઓના રોજા અને ઈબાદત કબુલ ફરમાવે.

આશરે ૧૪ કલાક પાણી ભોજન વગર રહેવાનું હોય છે કોઈ દાબ દબાણ નહીં .કોઈ ધમકી લાલચ નહીં કોઈ કહેવાવાલું નહીં કોઈ બોલવાવાલુ નહીં.કોઈ તમને રોકવાવાલું નહીં કોઈ દંડ નહીં કોઈ સજા નહીં છતાં દુનિયાભરમાં લાખો પરિવારો સ્વેચ્છાએ રોજા ઈબાદત કરી રહ્યા છે રોજા રાખનારે પાંચ સમયની નમાજ અદા કરવી પડે છે .નમાજ પહેલા પાક થવા વુજુ કરવી જરૂરી છે .વુજુમાં હાથમાં પાણી અને પ્યાસ હોવા છતાં કોઈ એક ટીપું પાણી પણ પીતું નથી ખરેખર ખુબ જ સબરનું કામ છે .

રોજુ કરવું એટલે માત્ર ભુખ્યા પ્યાસા રહેવું નહી બારે મહિના આપણે મનફાવે તે ખાઈ લઈએ છીએ .શરીરના આંતરિક અવયવોને આરામ આપવાનો છે જેથી આગળનું બધું બરાબર પાચન થઈ જાય શરીરના આંતરિક અવયવોની સર્વિસ થઈ જાય .

તમે રોજુ કરો એટલે શરીરના તમામ અવયવોને સંયમમાં રાખવાના હોય છે આંખ કાન જીભ મોઢું હાથપગ સહિત બધાને અંકુશમાં રાખવાના હોય છે.મોહ માયા લાલચને અંકુશમાં રાખવાની હોય છે આપણી અંદરની બુરાઈઓનો નાશ કરવાનો છે.આપણું મનોબળ દ્રઢ કરવાનો મોકો હોય છે આપનો આત્મવિશ્વાસ વધારવાની તક હોય છે જેમને રોજુ કર્યું હોય એમના વાણી વર્તન ચાલ ઢાલમાં એક પ્રકારની સભ્યતા શાલીનતા દેખાય આવે છે .કોઈને અપશબ્દો કહેવાય નહી. કોઈની ફાલતુ ટીકા ગિબત કરવી નહી કોઈની પંચાત કરવી નહી કોઈને એલફેલ બોલવું નહી કોઈની ઉપર ક્રોધ ગુસ્સો કરવો નહી કોઈનું દીલ જાણ્યે કે અજાણ્યે દુ:ખાવાય નહી જરૂરિયાતમંદોને જકાત ૧૦૦ રૂપિયા પર અઢી રૂપિયા અલગ કાઢી આપવા જ જોઈએ .

આ જકાતનો અમલ માત્ર રમજાન જ નહી બારે મહિના અમલ કરવા જેવો છે જેથી આપના માલમાં વેપારમાં રોજગારમાં બરકત થાય આપણી બલા મુસીબતો આફતો દુર થાય આપણાથી બને તો રોકડ રકમ અનાજનું દાન કરવું જોઈએ .

પાક પવિત્ર કુરાને શરીફ રમજાન મહિના પછી પણ હાથોમાં લેવાના છે બારે મહિના ઈબાદત કરવાની છે બધા સારા નેક કામો બારે મહિના ચાલુ રાખવાના છે

રોજામાં આપણે કેટલી સબરથી કામ લીધું.કેટલી બધી ધીરજ શાંતિ રાખી કેટલી શાંતિથી ઘરના અને વેપારના કામો કર્યા.કશા પણ હોહા કે શોરબકોર વગર આરામથી બધા કામો કર્યા આવી જ રીતે બારે મહિના કામો કરીએ તો આપણી મોટાભાગની તકલીફો મુસીબતો દુર થઇ જાય આપણે હળવાફૂલ બની જઈએ.

પાક પવિત્ર કુરાને શરીફની રોજ તિલાવત કરીએ એ જ પ્રમાણે અમલ કરીએ તો આપણી જિંદગી સરળ અને સીધી બની જાય

બારે મહિના ખોટા કામોથી બચીએ આપણાથી બને એટલી મદદ કરીએ એક સારા અને સાચા ઈન્સાન બનીએ બરાબર મહેનત કરી કામ કરીએ તો ચોક્કસ આપણા વેપારમાં બરકત આવશે અને આવશે જ સારી જબાનમાં વાતો કરીએ કોઈને ખરાબ નુકસાન થયેલો માલ આપીએ નહી સારી ગુણવત્તા સારી કોલીટીનો માલ આપીએ વાજબી ભાવ લઈએ .તો ચોક્કસ ઓછા નફે બહોળો વેપાર થશે

અબ્બાસભાઈ કૌકાવાલા
સુરત



લોકપ્રતિનિધિત્વ કાયદાની એ જ કલમને સુપ્રીમકોર્ટમાં પડકારાઈ જેણે રાહુલ ગાંધીનું સાંસદ પદ છીનવી લીધું અરજીમાં માગ કરાઇ કે સાંસદ-ધારાસભ્યને સજા થયા બાદ પણ અયોગ્ય જાહેર ન કરવામાં આવે માનહાનિના કેસમાં રાહુલ ગાંધીને સુરત કોર્ટ દ્વારા બે વર્ષની સજા થઈ હતી:

## રોટરી ક્લબ દ્વારા શાળાઓના વિદ્યાર્થીઓની ગ્રેન્ડ ફિનાલે યોજાઇ




રોટરી ક્લબ ઓફ મુંબઈ કાંદિવલી વેસ્ટ દ્વારા દેશની ભાષાઓની શાળાઓમાં ચલાવાતા ફલેગશિપ પ્રોજેક્ટ - ઈંગ્લિશ સ્પિકિંગ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટની ગ્રેન્ડ ફિનાલે કાંદિવલીમાં યોજાઇ હતી. આ પ્રસંગે પ્રોજેક્ટને સહાય કરનારા બીએનઆઇ ફાઉન્ડેશનના રીત શ્રોફ, સંદીપ શાહ, પરીતોશ રુંગટા, એજ્યુકેશન ડિરેક્ટર રીમા વાહી, રોટરી ક્લબના પ્રમુખ રાકેશ શાહ, સેક્રેટરી વ્રજેશ શાહ, શાળાઓના પ્રિન્સિપાલ, શિક્ષકો, રોટરી ક્લબના સભ્યો, વિદ્યાર્થીઓ વગેરે હાજર રહ્યા હતા. ૧૧ સ્કૂલના ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓએ આ પ્રોજેક્ટનો લાભ લીધો હતો. ૧૨ વર્ષથી ચાલતા આ પ્રોજેક્ટનો લાભ ૭,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ લીધો છે.

## તમે ભગવાનની તસવીર ટાંગી ભીંત પર, તમારે તો અરીસો ટાંગવા જેવો હતો

ભાવિન ગોપાણી

આ શેરમાં મને બે આયામ દેખાય છે. એક રોમેન્ટિઝમ અને એક સ્વપુજનવાદ...

એક રીતે કવિ પ્રેમિકાને કહે છે કે તમે પોતે સૌંદર્યના સામ્રાજ્ઞી છો દેવી છો તો તમે આ ભગવાનની તસવીર શું ટાંગી ભીંત પર.. તમારે તો બસ અરીસો ટાંગવાનો હોય જેથી તમે ખુદને જોઈ શકો અને કુદરતની ઉત્તમ કૃતિની અર્ચના થાય

બીજો મુદ્દો બને સ્વપુજનનો

ઘણાં આજકાલ સમાજમાં ધુતારા લોકો ખુદ જ ખુદના વખાણ કરતા હોય છે. પોતાને જ બધાથી સર્વાધિક જણાવતા હોય છે પણ સમાજના ડરથી કે ઢોંગ કરવા માટે બસ ભગવાનની તસવીર રાખતા હોય છે. એવા લોકો એ ખરેખર આયનો ટાંગવો જોઈએ જેથી જેવા છે એવા જણાય. અથવા ખુદનું અવલોકન કરી ખુદમાં ફેરફાર કરી શકે.

દિપક પેશવાણી

## લોકસભાની ૨૦૧૯ની ચૂંટણી જીતેલા ૨૩૩ સાંસદો પર અપરાધિક કેસ, ભાજપના ૧૧૬ સાંસદોનો પણ સમાવેશ

*નવીદિલ્હી,તા.૨૫*

*સુરતની એક કોર્ટ દ્વારા બદનક્ષીના કેસમાં દોષી ઠેરવવામાં આવ્યા બાદ અને રાહુલ ગાંધીએ તેમના સાંસદ ગુમાવ્યા છે. ૨૩ માર્ચે જ સુરતની કોર્ટે રાહુલ ગાંધીને 'મોદી સરનેમ' અંગેના કથિત વિવાદાસ્પદ નિવેદન બદલ ૨ વર્ષની જેલની સજા ફટકારી હતી. આ સજાના આધારે લોકસભા સચિવાલયે રાહુલ ગાંધીની સદસ્યતા રદ કરતું નોટિફિકેશન બહાર પાડ્યું છે.*

*જો આપણે વર્ષ ૨૦૧૯ ના ચૂંટણી પરિણામો પર નજર કરીએ તો, રાહુલ ગાંધી એકમાત્ર એવા સાંસદ નહોતા કે જેમની વિરુદ્ધ ફોજદારી કેસ નોંધવામાં આવ્યો હોય. ૨૦૧૯માં ચૂંટાયેલા કુલ સાંસદોમાંથી ૨૩૩ એટલે કે લગભગ અડધા સાંસદો સામે ફોજદારી કેસ નોંધાયેલા છે. આમાં પણ સત્તાધારી ભારતીય જનતા પાર્ટીના સૌથી વધુ સાંસદો હતા.એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)૨૦૧૯ની ચૂંટણી પરિણામો પછી એક રિપોર્ટ જાહેર કર્યો હતો. આ રિપોર્ટમાં તેમણે ૫૩૯ સાંસદોના શપથપત્રનું વિશ્લેષણ કર્યું હતું. આ વિશ્લેષણ પ્રમાણે ૪૩ ટકા સાંસદ એવા હતા જેમના પર અપરાધિક કેસ નોંધાયેલા હતા.*

*નોંધનીય છે કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ૩૦૩ સાંસદ ચૂંટણી જીત્યા હતા. એડીઆરના મતે તેમાંથી ૩૯ ટકા એટલે કે ૧૧૬ સાંસદો સામે અપરાધિક કેસ નોંધાયેલા હતા. બીજેપી પછી કોંગ્રેસ બીજા નંબરે હતી. કોંગ્રેસના તો અડધાથી વધારે ૫૭ ટકા સાંસદો અપરાધિક મામલાનો સામનો કરી રહ્યા છે. પાર્ટીએ ૫૨ સીટો જીતી હતી અને તેના ૨૯ સાંસદો પર આપરાધિક કેસ હતા. ત્રીજા નંબરે જેડીયુ હતી, જેના ૧૩ સાંસદ (૮૧ ટકા)પર અપરાધિક કેસ ચાલી રહ્યા હતા.ઉલ્લેખનીય છે કે ૨૦૧૯માં ચૂંટણી જીતેલા ૨૯ સાંસદો એવા છે જેમની સામે રેપ, મર્ડર, અટેમ્પ્ટ ટૂ મર્ડર, મહિલાઓ સામે હિંસા જેવા ગંભીર અપરાધિક મામલા ચાલી રહ્યા છે. જો ગંભીર મામલાની વાત કરવામાં આવે તો ૨૦૦૯ના મુકાબલે ૨૦૧૯ આવતા-આવતા ગંભીર કેસનો સામનો કરી રહેલા સાંસદોની સંખ્યામાં ૧૦૯ ટકાનો વધારો થયો છે.લોકસભા દર વર્ષે ગુનાહિત સાંસદોની સંખ્યામાં વધારો થયો છે. ૨૦૦૯ અને ૨૦૧૯ વચ્ચે દસ વર્ષોમાં ગુનાહિત સાંસદોની સંખ્યામાં લગભગ ૨૦ ટકાનો વધારો થયો છે. ૨૦૦૯માં ૧૬૨ સાંસદો એવા હતા જેમના પર અપરાધિક કેસ નોંધાયેલા હતા. આ લગભગ ૩૦ ટકા હતા. ૨૦૧૪ની ચૂંટણીમાં અપરાધિક સાંસદોની સંખ્યા વધીને ૧૮૫ થઈ ગઈ હતી. જે કુલ સાંસદોના ૩૪ ટકા હતા.*

NEWS OF GANDHINAGAR_P-3

# ઢળી પણ પડીશું તો અભિનય ગણાશે! -ગની દહીંવાલા

સમગ્ર વિશ્વમાં ૨૭ માર્ચનો દિવસ ''વિશ્વ રંગભૂમિ દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ ૧૯૬૧માં ''આંતરરાષ્ટ્રીય રંગમંચ સંસ્થાન'' દ્વારા કરવામાં આવ્યો હતો. રંગભૂમિનાં મૂળ વેદ-ઉપનિષદમાં જોવા મળે છે. જે સૃષ્ટિ ઈશ્વરે રચી છે અને એમાં માણસ, અન્ય જીવો અને પ્રકૃતિ શ્વસે છે એનો સર્જનહાર ઈશ્વર આ રંગભૂમિનો સૂત્રધાર છે. આપણે બધા તો રંગમંચની કટપૂતળીઓ સમાન છીએ જેમની ડોર ઈશ્વરનાં હાથમાં જ છે. 'ભગવદ ગોમંડલ' ગ્રથનાં આધારે માની શકાય કે પૂર્વ ૧૨૮૦માં ગુજરાતીમાં પહેલું નાટક લખાયું ત?યારબાદ ૧૮૫૧માં નર્મદે 'બુધ?ધિવર્ધક' નામની સંસ?થા શરૂ કરી. એ જ અરસામાં શેકસપિયર કલબની સ?થાપના મુંબઈમાં થઈ. આ સમયને ગુજરાતી રંગભૂમિનો ઉદભવ સમય હોવાનું માનવામાં આવે છે. આ એ સમય હતો જ્યારે સ્ત્રી પાત્રો રંગમંચ ઉપર આવતા નહિ તેથી પુરૂષો જ સ્ત્રી પાત્રોનો અભિનય કરતા. એ પછી ધીમે ધીમે રંગમંચનું મહત્વ અને પ્રસિદ્ધિ વધતી ગઈ તેમ તેમાં બદલાવો



આવતા રહ્યા. આજે જે રીતે રંગમંચ પર નાટકો ભજવાય છે તેને આધુનીક યુગ હાઈટેક ટેકનોલોજીનો યુગ માનવામાં આવે છે. મેકઅપ, કેમેરા, લાઈટસ, સાઉન?ડ, લેપટોપ, પેનડ્રાઈવ, ટેબલેટ, પૉર્ટેબલ હાર્ડડિસ?ક, એડીટીંગ વગેરેમાં અલ?ટ્રા મોર્ડન ડીઝીટલ ટેકનોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે.રંગમંચના કાર્યક્રમ લાઈવ હોય છે. જે થયું તે થયું જ. સ?ટેજ ઉપર ડાયરેકટ ટેઈક જ હોય છે. રીટેક થતો જ નથી. ગુજરાતી રંગમંચ પર ભજવાતાં નાટકો એ ગુજરાતી ભાષા અને સાહિત્ય વારસાનો એક અમૂલ્ય ભાગ છે. રંગમંચ પર સુખ અને દુઃખ, પ્રેમ અને ક્રોધ, વેર-ઝેર, તારું ને મારું ગૃહસંચાર, સમાજની વાસ્તવિકતા, માનવીનાં જીવન સાથે સંકળાયેલી અનેક બાબતો નાટકો રૂપી ભજવાય રહી છે. જ્યાં ભાષા જીવે છે ત્યાં સંસ્કૃતિ પણ જીવે છે. ગુજરાતી રંગમંચ એ ગુજરાતી ભાષા અને સાહિત્યને બચાવવાનો એક પ્રયાસ છે. આજે પરિસ્થિતિ એવી છે કે વર્ષ દરમિયાન ગુજરાતી ભાષાના ખૂબ ઓછા નાટકો ભજવાય છે અને તેમાં પણ મુંબઈનાં આધુનિક નાટકો વધુ હોય છે. સિનેમા યુગની શરૂઆત થતા જ નાટક અને નાટ્ય મંડળીઓનો યુગ પુરો થયો હોય તેવુ લાગે છે તેમ છતાં આજે પણ કેટલીક નાટ્ય મંડળીઓ અને નાટકનાં કલાકારો એ આ રંગમંચ ને જીવીત રાખ્યો છે. એથી વિશેષ આજે પણ એવી કેટલીક નાટ્ય મંડળીઓ છે જે ગામડે ગામડે જઈને વેશભૂષા ધારણ કરી નાટકો ભજવે છે. જે શેરી નાટકો તરીકે પણ ઓળખાય છે. રંગભૂમિ માટે કહેવાય છે કે, જાણ?યુ એટલું જાજું અને માણી એટલી મોજ પછી તો ક્યાં છે કશી ખોજ !

અભિનય એટલે રંગમંચ ઉપર આપવાની દરરોજની પરીક્ષા

ઊભા છીએ તપ્નાના પીળા પ્રકાશે,ઢળી પણ પડીશું તો અભિનય ગણાશે! -ગની દહીંવાલા

- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# જીપેરીના વિદ્યાર્થીઓ સંસ્કૃતગૌરવ પરીક્ષામાં વિશેષયોગ્યતાથી ઉતીર્ણ થયા



સંસ્કૃતભારતી આયોજિત સંસ્કૃતગૌરવ પરીક્ષામાં જીપેરી-જીટીયુ, મેવડ કોલેજના ૭ વિદ્યાર્થીઓએ વિશેષ યોગ્યતા ૧૩ વિદ્યાર્થીઓ પ્રથમ તેમજ બાકીના વિદ્યાર્થીઓએ બીજો અને ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી કોલેજ અને પરિવારનું ગૌરવ વધાર્યું હતું. આ પરીક્ષાનું આયોજન તારીખ ૦૭ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ કોલેજ કેમ્પસમાં કરવામાં આવ્યું હતું. જેમાં ૨૬ વિદ્યાર્થીઓએ પ્રવેશિકા અને પ્રદીપિકા તેમજ ૪ વિદ્યાર્થીઓએ પ્રમોદીકા અને પ્રવાહિકા એમ ૪ સ્ટેજમાં શ્રી મેહુલ સુતરીયા; ગ્રંથપાલના સંચાલન હેઠળ પરીક્ષા આપી હતી. જીપેરી કેમ્પસમાં છેલ્લા ૨ વર્ષથી આ પરીક્ષાનું આયોજન સફળ રીતે કરવામાં આવે છે. આચાર્ય શ્રી ડો. ચિરાગ વિભાકર, વહીવટી વડા શ્રી ડો. કિશોર રાજપુત, એસ. એન્ડ એચ વિભાગના વડા શ્રી પ્રો. (ડો.) જિગ્નેશ પટેલ, મિકેનિકલ વિભાગના વડા શ્રી પ્રો. (ડો.) વિવેક પટેલ અને કમ્પ્યુટર વિભાગના વડા શ્રી પ્રો.અમૃતા ચિત્રાન્શી એ હાજરી આપી વિદ્યાર્થીઓનું અભિવાદન કરી એમને સર્ટિફિકેટ આપ્યા હતા. જીપેરી દ્વારા અવારનવાર આવી પરીક્ષાઓ અને પ્રવૃતિઓ દ્વારા યુવાપેઢીને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે જાગૃત કરવા પ્રેરણા અપાય છે.

# ભારતીય યુવા કોંગ્રેસ યુવાનોને બોલવા માટે પ્લેટફોર્મ પૂરું પાડશે

## રાજીવ ગાંધી ભવન ખાતે યંગ ઈન્ડિયા બોલ સીઝન -૩ નું લોન્ચિંગ કરવામાં આવ્યું

ભારતીય યુવા કોંગ્રેસ દ્વારા યંગ ઈન્ડિયા બોલ સીઝન-૩ નું રાજીવ ગાંધી ભવન ખાતે લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. યંગ ઈન્ડિયા બોલ પસંદગી પામેલ પ્રતિભાશાળી યુવાનોને યુથ કોંગ્રેસમાં પ્રવક્તા તરીકેની પસંદગી કરવામાં કરવામાં આવશે. ભારતીય યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા ઓમ જાટએ જણાવ્યું હતું કે, યંગ ઈન્ડિયા બોલ કાર્યક્રમ વિશે માહિતી આપતો જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી દરેક સ્તરે દેશના યુવાનોને રાજકીય પ્લેટફોર્મ પૂરું પાડવા માટે કતિબદ્ધ છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે યંગ ઈન્ડિયા બોલ દ્વારા દેશના યુવાનોને રાજ્યકીય મંચ મળશે તેના લીધે યુવાનો લોકતાંત્રિક રીતે પોતાની વાત રજૂ કરી શકશે. આ કાર્યક્રમ દ્વારા લાખો યુવાનો બોલવા માટે માઈક પૂરું પાડવામાં પડવા માટે યુવા કોંગ્રેસ મંચ આપશે.

તેઓએ વધુમાં કહ્યું હતું કે આપણે એવા સમયમાંથી પસાર થઈ રહ્યા છે કે પોતાની વાત રજૂ કરવા માટેની આઝાદી નથી ત્યારે યંગ ઈન્ડિયા બોલ કાર્યક્રમ પોતાની વાત




રાખવા માટે પ્લેટફોર્મ પૂરું પાડશે. ભ્રષ્ટાચાર અને તાનાશાહી સરકાર યુવાનોને દબાવી રહી છે ત્યારે યંગ ઈન્ડિયા બોલ કાર્યક્રમ થકી સરકાર સામે યુવાનો અવાજ ઉઠાવી શકશે.

યંગ ઈન્ડિયા બોલ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ૨૫ એપ્રિલ સુધી રજીસ્ટ્રેશન કરી શકાશે

આ કોમ્પિટિશન જિલ્લા સ્તરે, રાજ્ય સ્તર અને રાષ્ટ્રીય સ્તરે આયોજન કરવામાં સૌને આવશે. સારા વક્તાઓને ભારતીય યુવા કોંગ્રેસમાં પ્રવક્તા તરીકેની પસંદગી કરવામાં તેની.

આ પ્રસંગે ગુજરાત કોંગ્રેસ સમિતિના પ્રવક્તા મનીષભાઈ દોશી, યુવા કોંગ્રેસ પ્રવક્તા અરસદ રાજા, ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ ઋતુરાજસિંહ ચુડાસમા, ગુજરાત યુવા કોંગ્રેસના મહામંત્રી પ્રવિણસિંહ વનોલ, મુકેશ આંજણા, રાજ મંડપવાલા , અમદાવાદ જિલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ વિશાલસિંહ ગુર્જર, ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય પ્રવીણ નકુમ વગેરે યુવા કોંગ્રેસ હોદેદારો હાજર રહ્યા હતા.

-મુકેશ આંજણા

# ગુજરાત મુખ્યમંત્રી કાર્યાલયમાં અધિક જનસંપર્ક અધિકારી હિતેશ પંડ્યાનુ રાજીનામુ

*ગાંધીનગર,તા.૨૫*

*ગુજરાત મુખ્યમંત્રી કાર્યાલયમાં અધિક જનસંપર્ક અધિકારી હિતેશ પંડ્યાએ લગભગ ૨૨ વર્ષ સુધી સીએમઓમાં રહ્યા બાદ પોતાનુ રાજીનામુ સોંપી દીધુ. જેનુ કારણ તેમના દીકરા અમિત પંડ્યાનો ઠગ કિરણ પટેલ સાથે સંપર્ક હોવાનુ જણાવવામાં આવી રહ્યુ છે. જમ્મુ કાશ્મીર પોલીસે થોડા દિવસો અગાઉ છેતરપિંડીના આરોપમાં કિરણ પટેલની ધરપકડ કરી હતી અને આ જ મામલે અમિત પંડ્યાને પણ પૂછપરછ માટે જમ્મુ કાશ્મીર બોલાવવામાં આવ્યો છે.*

*તમને જણાવી દઈએ કે હિતેશ પંડ્યા, કેશુભાઈ પટેલ, નરેન્દ્ર મોદી, આનંદીબેન પટેલ, વિજય રુપાણી અને ભૂપેન્દ્ર પટેલ સહિત પાંચ મુખ્યમંત્રીઓ સાથે કામ કરી ચૂક્યા છે. ૭૩ વર્ષીય હિતેશ પંડ્યાએ કહ્યુ કે, 'મે મારુ રાજીનામુ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સોંપી દીધુ છે. કોઈએ મને રાજીનામુ આપવા માટે નથી કહ્યુ. મને લાગ્યુ કે મારે રાજીનામુ આપી દેવુ જોઈએ. હું મારો બાકીનુ કાર્ય ૩૧ માર્ચ સુધી પૂરુ કરી દઈશ ને કાર્યાલયમાંથી મુક્ત થઈ જઈશ.'હિતેશ પંડ્યાએ પોતાના રાજીનામાના અમુક કલાકો પહેલા સ્વીકાર કર્યો કે તેમના ૪૩ વર્ષીય દીકરા અમિત પંડ્યાએ આ મહિને કિરણ પટેલ સાથે વ્યાવસાયિક ઉદ્દેશ માટે તેમની સંમતિથી જમ્મુ કાશ્મીરનો પ્રવાસ કર્યો હતો. આ મહિનાની શરુઆતમાં જમ્મુ કાશ્મીરમાં અમિત અને જય સીતાપરા નામની એક અન્ય વ્યક્તિની કિરણ પટેલ સાથે ધરપકડ કરવામાં આવી હતી. આ મામલે પૂછપરછ માટે અમિત અને સીતાપારાને જમ્મુ કાશ્મીર પોલીસે બોલાવ્યા છે. હિતેશ પંડ્યાના જણાવ્યા મુજબ તેમનો દીકરો નિર્દોષ છે. તેમણે કહ્યુ કે તે કાશ્મીરમાં છે. જમ્મુ કાશ્મીર પોલીસે તેને પૂછપરછ માટે બોલાવ્યો છે. તે પોતાની ફર્મ સેફ સૉલ્યુશન દ્વારા સીસીટીવી કેમેરા જેવા ઘરેલુ સુરક્ષા ઉપકરણોનો વેપાર કરે છે. હિતેશ પંડ્યાએ એમ પણ કહ્યુ કે અમિત ભાજપ સાથે જોડાઈ રહ્યો છે અને ગુજરાતના નૉર્થ ઝોનમાં પાર્ટીના સોશિયલ મીડિયા સેલનો સંયોજક રહ્યો છે. પંડ્યાએ ઠગ કિરણ પટેલના સીએમઓ સાથે કોઈ પણ પ્રકારના સંબંધ હોવાની માહિતીથી ઈનકાર કર્યો. જો કે, તેમણે સ્વીકાર્યુ કે ૨૦૧૧માં કિરણ પટેલ તેમના દ્વારા બનાવવામાં આવેલી એક ખાનગી સંસ્થા નેશન ફર્સ્ટ ફાઉન્ડેશન સાથે જોડાયો હતો.*

# ભરૂચ સબજેલના સરપ્રાઈઝ ચેકિંગમાં ૪ મોબાઈલ ફોન અને રોકડા ઝડપાયા

*ભરૂચ,તા.૨૫*

*ઓપરેશન ક્લિન અંતર્ગત શુક્રવારે રાતે આખા રાજ્યની જેલોને એકસાથે ધમરોળવામાં આવી હતી. ઘણા સ્થળોએ વહેલી સવાર સુધી પ્રક્રિયા ચાલી હતી. ભરૂચમા પણ એસપી ડો. લીના પાટીલના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમોએ સબ જેલ ભરૂચમાં તપાસ હાથ ધરી હતી. સવારે અહેવાલ લખાય છે ત્યાં સુધી ભરૂચ પોલીસ તરફથી આ મામલે કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી જોકે સૂત્રો અનુસાર જેલમાંથી મોબાઈલ ફોન મળી આવ્યા છે. ઉલ્લેખનીય છે કે ભરૂચ સબજેલ અગાઉ પણ મોબાઈલ ફોનના મામલે વિવાદોમાં રહી છે.ભરૂચ પોલીસના એસપી ડો. લીના પાટીલના માર્ગર્શન હેઠળ એસઓજી પીઆઈ આનંદ ચૌધરી અને ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ ઉત્સવ બારોટે પોલીસ કાફલા સાથે ભરૂચ સબજેલમાં તપાસ શરૂ કરી હતી. મોડીરાત સુધી ચાલેલી તપાસ દરમ્યાન જીઁ જાતે પણ જેલમાં પહોંચ્યા હતા. સૂત્રો અનુસાર ભરૂચ પોલીસને સરપ્રાઈઝ ચેકીંગ દરમ્યાન મહત્વની સફળતા પણ હાંસલ થઈ છે. જેલમાંથી ૪ મોબાઈલ ફોન અને રોકડા રૂપિયા ૪૫૦૦ મળી આવ્યા છે. પોલીસે આ મામલે ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવા તજવીજ પણ શરૂ કરી છે.સુત્રી મુજબ મળી આવેલા ૪ મોબાઈલ ફોનને એફએસએલ તપાસ માટે મોકલવામાં આવશે. આ ફોન કોણે ઉપયોગમાં લીધા અને કોને ક્યાં કારણોસર કોલ કાર્ય હતા? તેની વિગતો બહાર લાવવામાં આવશે.*

*જેલમાં મળી આવેલી રોકડ પાછળ બે મુદ્દો તપાસ માંગે છે. એક જેલમાં બહારથી નશા તેમજ ગુટખા અને વૈભવની ચીજો વેચાતી હોય અથવા જેલમાં ખંડણીનું નેટવર્ક ચાલતું હોઈ શકે છે. આ તમામ મામલાઓ પણ તપાસ હેઠળ લેવાઈ શકે છે.ભરૂચ સબજેલ કેદીઓ દ્વારા થતા મોબાઈલ ફોનના ઉપયોગના કારણે સતત વિવાદોમાં રહે છે. ભરૂચ પોલીસ ,સ્થાનિક જેલ તંત્ર, વિજિલન્સ સ્કોડ અને જિલ્લા બહારની એજન્સીઓના સરપ્રાઈઝ ચેકિંગમાં અનેકવાર મોબાઈલફોન ઝડપાયા છે. ભૂતકાળમાં બેરેકના ફલોરમાં, પાંખમાં , ટોઈલેટમાં અને જેલના સભાખંડની બહારથી જમીનમાં દાટેલી પ્લાસ્ટીકની બેગમાંથી મોબાઈલ, સીમકાર્ડ, ચાર્જર, બેટરી, બીડી તેમજ ગુટખા મળી આવવાના ગુના ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના ચોપડે દાખલ થયા છે*

# જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીઓ ક્યારે યોજાશે?



ગયા વરસે ડિસેમ્બરમાં કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ વચ્ચે જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીઓ કરાવવા અંગે વાતચીત થઈ હતી .જમ્મુ કાશ્મીરમાંથી ૩૭૦ કલમ નાબુદ થયાને ચાર વરસ થઈ ગયા છે .દુનિયાના જે તટસ્થ દેશો છે એમને ભારત સરકારને કહ્યું છે કે જમ્મુ કાશ્મીરમાં લોકશાહી પ્રક્રિયાની શરૂઆત કરો.

જમ્મુ કાશ્મીરના રાજ્યપાલે હમણાં જાહેરાત કરી છે કે જમ્મુ કાશ્મીરમાં સીમાંકનની પ્રક્રિયા પુરી થઈ ગઈ છે જેથી ચૂંટણીઓ કરાવી શકાય એમ છે .જમ્મુકાશ્મીરના અમુક નેતાઓને નજરકેદ કરવામાં આવ્યા હતા હવે સરકારે બધાને ધીમે ધીમેં મુક્ત કરી દીધા છે સ્થાનિક પક્ષોનો હવે બહુ ગજ વાગે એમ નથી .તેથી તેઓ ચૂંટણીમાં ના છૂટકે ભાગ લેશે જ એમની પાસે મોદીએ બીજો કોઈ વિકલ્પ રહેવા દીધો જ નથી જુન ૨૦૧૮ થી જમ્મુ કાશ્મીરમાં સ્થાનિક રાજ્ય સરકાર નથી મહેબૂબા અને ભાજપ એક સમયે સાથે હતા હવે અલગ અલગ છે .હવે મહેબૂબા એકલા પડી ગયા છે .

કોઈ રહસ્યમય કારણસર ઓમર અબ્દુલલાહ ભાજપની ગુડબુકમાં આવી ગયા છે.ઓમરની હિંદુ પત્ની પાયલના ભાજપના ટોચના નેતાઓ સાથે સારા સંબંધો છે ઓમર હમણાં સસદની વિવિધ સમિતિઓમાં દેખાય રહ્યા છે પણ આગળ જતાં ઓમર કદાચ મુખ્યમંત્રીની ખુરશી સુધી જાય તો પણ નવાઈ નહીં ભાજપ પણ એક કાશ્મીરી નેતાને આગળ કરી જમ્મુ કાશ્મીર સર કરવા માંગે છે મોદી ચાહશે તો બહુ જલ્દી જમ્મુ કાશ્મીરને નવા મુખ્યમંત્રી મળી જશે .

ધરતી પરના આ સ્વર્ગની પાછી પહેલા જેવી ચમક દમક પાછી આવે પહેલા જેવી જાહોજલાલી પાછી આવે એમ આપણે દુવા કરીએ.

અબ્બાસભાઈ કૌકાવાલા
સુરત

# સમસ્ત મહાજન દ્વારા મુન્દ્રા – બારોઈ નગરપાલિકા આયોજીત લોકાર્પણ કાર્યક્રમ પ્રસંગે જાહેર આમંત્રણ

વૈશ્વિક સ્તરે જળ, જમીન, જન, જંગલ, જનાવરની સુખાકારી માટે કાર્યરત સંસ્થા




સમસ્ત મહાજન દ્વારા મુન્દ્રા – બારોઈ નગરપાલિકા આયોજીત બારોઈ રોડ પર આવેલ ઈ-કયુબ શોરૂમથી બાપા સીતારામ નગર તરફ જતો રસ્તો ''સમસ્ત મહાજન માર્ગ'' અને આશુતોષ ધામમાં ડૉ. હેમાંગ પટેલ હોસ્પિટલથી સોરઠીયા હોસ્પિટલ તરફ જતો રસ્તો ''માતૃશ્રી રમાબેન ગાંગજીભાઈ મેકણભાઈ સત્રા માર્ગ'' નું લોકાર્પણ અને નામકરણ વિધિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વિધાનસભાનાં માંડવી-મુંદ્રા ધારાસભ્ય અનિરૂધ્ધભાઈ દવે કાર્યક્રમમાં અધ્યક્ષાની ભૂમિકા ભજવશે. કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે થાણા, મુંબઈનાં સમસ્ત મહાજનના પ્રતિનિધિ ગીરીશભાઈ સત્રા, પ્રમુખ કિશોરસિંહ પરમાર, ઉપપ્રમુખ શ્રીમતી ચંદ્રિકાબેન પાટીદાર, કારોબારી ચેરમેન ડાયાલાલ આહીર, મુન્દ્રા – બારોઈ નગરપાલિકાનાં ચીફ ઓફિસર દર્શનસિંહ ચાવડા હાજરી આપશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે દિપકભાઈ ભેદા, મહેન્દ્રભાઈ સંગોઈ, ગીરીશભાઈ ભેદા, વસંતભાઈ ગલીયા, રવિલાલ શાહ (લીંબડી), ગોવિંદભાઈ ભાનુશાલી, ધીરજભાઈ 'એકલવીર', હરેશભાઈ વોરા, નેમજીભાઈ ગંગર, નેહલબેન શાહ (કોરપોરેટર), મનોજભાઈ સત્રા, કાંતીભાઈ સત્રા, ગીરીશભાઈ દેઢિયા, જીગર તારાચંદ છેડા, અશોકભાઈ ચરલા, ગુણવંતીબેન સતરા, જાગુબેન બાબુભાઈ શાહની શુભેચ્છા પાઠવવામાં આવી છે. આ કાર્યક્રમ ૨૬ તારીખે, રવિવારનાં રોજ સાંજે ૪ વાગ્યે બારાઈ રોડ, મુંદ્રા, કચ્છ ખાતે રાખવામાં આવ્યો છે. આ અંગે વિશેષ માહિતી માટે સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ (મો. ૯૮૨૦૦૨૦૯૭૬) અને સમસ્ત મહાજન વાપીના ટ્રસ્ટી દેવેન્દ્રભાઈ જૈન (મો. ૯૮૨૫૧ ૨૯૧૧૧)નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## રાજ્યની તમામ જેલમાં પોલીસે દરોડા

# અમદાવાદ, વડોદરા અને સુરત જેલમાંથી મોબાઈલ ફોન, ગાંજા સહિતનો સામાન ઝડપાયો

*અમદાવાદ,તા.૨૫*

*રાજ્યભરની તમામ જેલોમાં ગુજરાત પોલીસની ટુકડીઓ દ્વારા ગઈકાલથી બોડી વોર્ન કેમેરા સાથે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૂચનાથી અને તેમના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર પોલીસ ભવન સ્થિત ડીજીપી ઓફિસ ખાતે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. જે બાદ એક સાથે તમામ જેલમાં પોલીસે દરોડા પાડીને કાર્યવાહી હાથ ઘરી હતી. રાજ્યની ૧૭ જેલમાં ૧૭૦૦ જેટલા પોલીસ અધિકારી અને કર્મચારીઓ આ ચેકિંગમાં જોતરાયા હતાં.*

**રાજ્યની ૧૭ જેલમાં ૧૭૦૦ જેટલા પોલીસ અધિકારી અને કર્મચારીઓ આ ચેકિંગમાં જોતરાયા હતાં.**

*માહિતી મુજબ અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી એક પણ મોબાઈલ ફોન મળી આવ્યા નથી . જો કે જેલમાંથી તમાકુની પડિકી અને સિગરેટ સહિતનો મુદામાલ ઝડપાયો છે. જો સુરતની વાત કરીએ તો લાજપોર જેલમાં પણ પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. આ દરમિયાન કેદીઓએ જેલમાં તોડફોડ કરી હોવાની માહિતી મળી રહી છે. રાત્રે શરૂ થયેલ સર્ચ ઓપરેશનની કાર્યવાહી સવારે પાંચ વાગ્યા સુધી ચાલી હતી. જેલમાંથી મોબાઈલ ફોન,ગાંજા અને ચરસની પડીકીઓ મળી આવી છે.આ તરફ વડોદરા જેલમાં સવારે ૭ વાગ્યા સુધી સર્ચ ઓપરેશન ચાલ્યુ હતુ.બે ઉચ્ચ અધિકારીઓની ટિમ વહેલી સવારે સર્ચ પૂરું કરી બહાર આવી. મહિલા કેદી સહિત ૧૭૦૦ કેદીઓની તપાસ કરવામાં આવી હતી. આપને જણાવી દઈએ કે,વડોદરા સેન્ટ્રલજેલ માંથી કોઈ ગંભીર પ્રકારની ચીજ વસ્તુઓ મળી નથી.*

*જો કે ત્રણ વિમલ ગુટખા પડીકી,છૂટી તમાકુ અને બીડી બનાવવા માટેના સૂકા પાંદડા મળી આવ્યા છે. મળી આવેલ તમામ જથ્થાનો સ્થળ પર કરવામાં નિકાલ કરવામાં આવ્યો. આપને જણાવી દઈએ કે, વડોદરા જેલમાંથી મોબાઈલ મળ્યા હોવાની ગત રાત્રે વહેતી થયેલી અટકળો સત્યથી વેગળી. ઓપરેશન ક્લીન અંતર્ગત ભરૂચ સબજેલમાં તપાસ દરમિયાન મોબાઈલ ફોન મળી આવ્યો છે.આપને જણાવવુ રહ્યું કે,ભરૂચ જેલ ભૂતકાળમાં અનેકવાર મોબાઈલફોનના ઉપયોગને લઈ વિવાદોમાં રહી છે.*

*સરપ્રાઈઝ ચેકીંગ દરમિયાન મોબાઈલ ફોન મળી આવ્યો છે.ગતરાતે એસપી ડો. લીના પાટીલ ઉપરાંત જીઁ અને LCB ની ટીમોએ જેલમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતુ.ભરૂચ પોલીસનું સર્ચને લઈ હજુ કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યુ નથી.*

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4